અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૯ ડિસેમ્બર ૨૦૨૪, રવિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, માગશર વદ ૧૪ | અંક : ૧૭૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886





રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ દિલ્હીમાં નિગમ બોધ ઘાટ ખાતે ભૂતપૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહને અંતિમ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

### પુત્રીએ આપ્યો મુખાગ્નિ, પાર્થિવ દેહ પંચમહાભૂતમાં વિલિન

# પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહને રાજકીય સન્માન સાથે વિદાય

## પૂર્વ પ્રધાનમંત્રી ડો. મનમોહન સિંહના પૂરા રાજકીય સન્માન સાથે દિલ્હીના નિગમ બોધ ઘાટ પર અંતિમ સંસ્કાર : ૨૧ તોપોની સલામી આપવામાં આવી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।**

પૂર્વ પ્રધાનમંત્રી ડો. મનમોહન સિંહના આજે પૂરા રાજકીય સન્માન સાથે દિલ્હીના નિગમ બોધ ઘાટ પર અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. મનમોહન સિંહના અંતિમ સંસ્કાર વખતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પીએમ નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, અને રક્ષામંત્રી રાજનાથ સિંહ, લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંદી, ઓમ બિરલા પણ હાજર રહ્યા. આ પહેલા નવી દિલ્હી સ્થિત તેમના નિવાસ સ્થાને તેમને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ તેમનું પાર્થિક શરીર કોંગ્રેસ હેડક્વાર્ટર લાવવામાં આવ્યું હતું. જ્યાં પૂર્વ પીએમ ડો. મનમોહન સિંહના પત્ની ગુરુશરણ કૌર અને તેમના પુત્રી દમનસિંહએ એઆઈસીસી હેડક્વાર્ટરમાં તેમને અંતિમ શ્રદ્ધાંજલિ આપી.

પૂર્વ પીએમ મનમોહન સિંહના રાજકીય સન્માન સાથે દિલ્હીના નિગમ બોધ ઘાટ ખાતે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. એવું કહેવાય છે કે તેમની મોટી પુત્રીએ તેમને મુખાગ્નિ આપી. પૂર્વ પીએમ મનમોહન સિંહના પાર્થિવ દેહને ૨૧ તોપોની સલામી આપવામાં આવી. મનમોહન સિંહ અમર રહેના નારા સાથે કોંગ્રેસ નેતાઓએ તેમને વિદાય આપી. તમામ નેતાઓએ ચિતા પર પોત પોતાની લાકડી મૂકી. રાહુલ ગાંધીએ પણ મનમોહન સિંહના પાર્થિવ દેહની ચિતા પર લાકડી મૂકી. અંતિમ યાત્રા વખતે મનમોહન સિંહને તેમની મનગમતી બ્લ્યૂ પાઘડી પહેરાવવામાં આવી. મુખાગ્નિ આપતા પહેલા પંજાબી રીતિ રિવાજથી અરદાસ પઢવામાં આવી. અંતિમ યાત્રામાં દેશ વિદેશના ગણમાન્ય લોકો નિગમબોધ પર હાજર રહ્યા. રાહુલ ગાંધીએ અર્થીને ટેકો આપ્યો હતો. પૂર્વ પીએમ મનમોહન સિંહના પાર્થિવ દેહને ૨૧ તોપોની સલામી આપવામાં આવી. મનમોહન સિંહ અમર રહેના નારા સાથે કોંગ્રેસ નેતાઓએ તેમને વિદાય આપી. તમામ નેતાઓએ ચિતા પર પોત પોતાની લાકડી મૂકી. રાહુલ ગાંધીએ પણ મનમોહન સિંહના પાર્થિવ દેહની ચિતા પર લાકડી મૂકી. અંતિમ યાત્રા વખતે મનમોહન સિંહને તેમની મનગમતી બ્લ્યૂ પાઘડી પહેરાવવામાં આવી. મુખાગ્નિ આપતા પહેલા પંજાબી રીતિ રિવાજથી અરદાસ પઢવામાં આવી. અંતિમ યાત્રામાં દેશ વિદેશના ગણમાન્ય લોકો નિગમબોધ પર હાજર રહ્યા. રાહુલ ગાંધીએ અર્થીને ટેકો આપ્યો હતો.



**પૂર્વ પીએમ મનમોહન સિંહના પાર્થિવ દેહને ૨૧ તોપોની સલામી આપવામાં આવી**

**મનમોહન સિંહના પાર્થિવ દેહને રાખવામાં આવ્યા બાદ સોનિયા ગાંધી, ખડગે, રાહુલ ગાંધી, કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા અને અન્ય પાર્ટીના નેતાઓએ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. મનમોહન સિંહના પત્ની ગુરશરણ કૌર અને તેમના પરિવારના કેટલાક અન્ય સભ્યો પણ કોંગ્રેસ મુખ્યાલયમાં હાજર હતા. ગુરશરણ કૌરે પણ તેમના પતિને ફૂલ અર્પણ કરીને વિદાય આપી હતી. મનમોહન સિંહ ૨૦૦૪ થી ૨૦૧૪ સુધી ૧૦ વર્ષ સુધી દેશના વડાપ્રધાન હતા અને તે પહેલા તેમણે નાણામંત્રી તરીકે દેશના આર્થિક માળખાને મજબૂત બનાવવામાં મદદ કરી હતી. તેમની આગેવાની હેઠળની સરકારે માહિતીનો અધિકાર (RTI), શિક્ષણનો અધિકાર (RTE) અને મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી કાયદો (મનરેગા) જેવી યોજનાઓ શરૂ કરી. મનમોહન સિંહને ૧૯૯૧માં નરસિમ્હા રાવ સરકારમાં ભારતના નાણામંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.**

પૂર્વ પીએમ મનમોહન સિંહનું પાર્થિવ શરીર અંતિમ સંસ્કાર પહેલા લગભગ એક કલાક સુધી કોંગ્રેસ હેડક્વાર્ટરમાં રાખવામાં આવ્યું હતું. અહીં કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી સહિત કોંગ્રેસી કાર્યકરો અને સાથે સાથે દેશના અન્ય નાગરિકોએ પણ તેમના અંતિમ દર્શન કર્યા. અત્રે જણાવવાનું કે ગુરુવારે ૨૬ ડિસેમ્બરના રોજ મનમોહન સિંહનું દિલ્હી એમ્સ હોસ્પિટલમાં નિધન થયું હતું. તેમની તબિયત બગડતા તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

પૂર્વ પીએમ મનમોહન સિંહની કોંગ્રેસ હેડક્વાર્ટરથી ૧૧ કિલોમીટર જેટલી લાંબી અંતિમ યાત્રા કાઢવામાં આવી હતી. પૂર્વ પીએમ મનમોહન સિંહના પાર્થિવ દેહને કોંગ્રેસ ઓફિસથી અકબરોડ રોડથી ઈન્ડિયા ગેટ, ઈન્ડિયા ગેટથી તિલક માર્ગ, તિલક માર્ગથી આઈટીઓ રેડ લાઈટથી ડાબે વાળીને પછી જૂના પોલીસ હેડક્વાર્ટરની સામે થઈને રિંગ રોડ પર લેફ્ટ લઈ જવામાં આવ્યા. ત્યારબાદ અંતિમ યાત્રા સીધા રસ્તે નિગમ બોધ ઘાટ પહોંચી હતી.

અંતિમ યાત્રા પહેલા, સિંહના પાર્થિવ દેહને કોંગ્રેસ મુખ્યાલયમાં રાખવામાં આવ્યો હતો, જ્યાં કોંગ્રેસ સંસદીય દળના વડા સોનિયા ગાંધી, પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને અન્ય ઘણા વરિષ્ઠ પક્ષના નેતાઓ અને કાર્યકરોએ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. ભૂતપૂર્વ વડા પ્રધાનના પાર્થિવ દેહને તેમના નિવાસસ્થાનથી સવારે લગભગ ૯ વાગ્યે કોંગ્રેસના મુખ્યાલયમાં લાવવામાં આવ્યો હતા, જ્યાં પાર્ટીના નેતાઓ અને કાર્યકરો તેમના અંતિમ દર્શન માટે રાહ જોઈ રહ્યા હતા.

### કોંગ્રેસની નારાજગી થઇ દૂર!

# પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહનું મેમોરિયલ બનાવશે મોદી સરકાર

## ગૃહમંત્રી અમિત શાહે ખુદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને તેમના પરિવારને આ માહિતી આપી છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।**

પૂર્વ પીએમ મનમોહન સિંહનું સ્મારક બનવા જઈ રહ્યું છે. કેન્દ્ર સરકાર આ માટે સંમત થઈ ગઈ છે. ગૃહમંત્રી અમિત શાહે ખુદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને તેમના પરિવારને આ માહિતી આપી છે. અગાઉ એવું કહેવામાં આવી રહ્યું હતું કે સ્મારકને લઈને કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી, જેના કારણે કોંગ્રેસ નારાજ હોવાનું કહેવાય છે. પરંતુ હવે સરકાર તૈયાર છે, વિવાદનો અંત આવતો જણાય છે.કેબિનેટની બેઠક પછી તરત જ ગૃહમંત્રી અમિત શાહે કોંગ્રેસ અધ્યક્ષ ખડગે અને દિવંગત ડૉ. મનમોહન સિંહના પરિવારને કહ્યું કે સરકાર સ્મારક માટે જગ્યા ફાળવશે. આ દરમિયાન અંતિમ સંસ્કાર અને અન્ય ઔપચારિકતાઓ પૂર્ણ થઈ શકે છે, કારણ કે ટ્રસ્ટની રચના કરવી પડશે અને તેના માટે જગ્યા ફાળવવી પડશે. કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકારનું નેતૃત્વ કરનાર અને આર્થિક સુધારા માટે જાણીતા ડૉ. મનમોહન સિંહનું ગુરુવારે ૯૨ વર્ષની વયે અવસાન થયું. તેમણે ૨૦૦૪ થી ૨૦૧૪ સુધી ભારતના વડાપ્રધાન તરીકે ૧૦ વર્ષ સુધી દેશનું નેતૃત્વ કર્યું.

### મનમોહન સિંહની સમાધી માટે ભાજપ થોડી જમીન પણ ન આપી શકી

દેશના પૂર્વ વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહ પંચતત્વમાં વિલીન થઈ ગયા. તેમના અંતિમ સંસ્કાર આજે નિગમબોધ સ્મશાન ગૃહમાં કરવામાં આવ્યા હતા. શનિવારે કોંગ્રેસ મુખ્યાલયથી નિગમબોધ ઘાટ સુધી તેમની અંતિમ યાત્રા કાઢવામાં આવી હતી. તેમની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ નિગમબોધ ઘાટ પર તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. આ પછી, મનમોહન સિંહના અંતિમ સંસ્કાર રાજ્ય સન્માન સાથે શરૂ થયા દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે, 'ભારતના વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહજીના અંતિમ સંસ્કાર નિગમ બોધ ઘાટ પર કરાયા.

### મનમોહન સિંહના સ્મારકને લઈને રાજનીતિ દુર્ભાગ્યપૂર્ણ

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતે પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના સ્મારક સ્થળને લઈને આજે શનિવારે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે, ડૉ.મનમોહન સિંહનું સમગ્ર વિશ્વમાં સન્માન કરવામાં આવે છે. જ્યારે તે બોલ્યો, ત્યારે વિશ્વએ સાંભળ્યું. તેમનું સ્મારક બનાવવા માટે કેન્દ્ર સરકાર રાજનીતિ કરી રહી છે. ભાજપ પોતાને સૌથી સંસ્કારી પાર્ટી કહે છે? મને કહો, શું કોઈ પૂર્વ પીએમના અંતિમ સંસ્કાર નિગમ બોધ ઘાટ પર થયા? અશોક ગેહલોતે મનમોહન સિંહના અંતિમ સંસ્કાર માટે રાજઘાટ પર જમીનની ફાળવણી અંગે કેન્દ્ર સરકારની સ્પષ્ટતા પર કહ્યું કે જ્યારે જમીન આપવાની જ હતી તો અગાઉ કેમ જાહેરાત કરવામાં આવી ન આવી?

### સ્મારક વિવાદમાં કોંગ્રેસ પર ભાજપ નેતાના આકરા પ્રહારો

દેશના પૂર્વ પીએમ મનમોહન સિંહના સ્મારકને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે બીજેપી સાંસદ અને પાર્ટીના પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીનું નિવેદન સામે આવ્યું છે. તેમણે સરકારના ઈરાદા અને કોંગ્રેસ દ્વારા આ મુદ્દે કરવામાં આવી રહેલી રાજનીતિ વિશે ખુલીને વાત કરી હતી. બીજેપી નેતા કહે છે કે ભાજપ અને પીએમ મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર મનમોહન સિંહને યોગ્ય સન્માન આપવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. તેમણે દેશના આર્થિક વિકાસ માટે એક મહાન પાયો નાખવાનું કામ કર્યું હતું. તેમના યોગદાનને ધ્યાનમાં રાખીને કેબિનેટની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે મનમોહન સિંહની યાદમાં એક સ્મારક સ્થળ અને સમાધિ બનાવવામાં આવશે. ગૃહમંત્રી અમિત શાહે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને પણ આ વાત કહી છે.

### ૩ શહેરોમાંથી ૧૩ બાંગ્લાદેશીઓની ધરપકડ

# મહારાષ્ટ્રમાં ગેરકાયદે ઘૂસણખોરી સામે મોટી કાર્યવાહી કરવામાં આવી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।**

મહારાષ્ટ્રમાં આતંકવાદ વિરોધી ટુકડી (એટીએસ) એ સ્થાનિક પોલીસની મદદથી અલગ-અલગ સ્થળો પર ગેરકાયદેસર રીતે રહેતાં બાંગ્લાદેશી નાગરિકોની તપાસ માટે એક ખાસ અભિયાન શરૂ કર્યું છે. એટીએસ અધિકારીઓએ જણાવ્યું કે આ અભિયાન હેઠળ છેલ્લા ૨૪ કલાકોમાં ગુપ્ત જાણકારીના આધારે સ્થાનિક પોલીસની મદદથી થાણે, નવી મુંબઈ અને સોલાપુર શહેરોમાં ગેરકાયદેસરરીતે ભારતમાં ઘૂસેલા બાંગ્લાદેશી નાગરિકોની તપાસ કરવામાં આવી. વિદેશી નાગરિક એક્ટ, ૧૯૪૬, પાસપોર્ટ (ભારતમાં પ્રવેશ) એક્ટ, ૧૯૫૦, પાસપોર્ટ એક્ટ, ૧૯૬૭ હેઠળ વિભિન્ન પોલીસ સ્ટેશનોમાં કુલ ૦૩ કેસ નોંધાયા છે. ઓપરેશન દરમિયાન એટીએસ અધિકારીઓએ સ્થાનિક પોલીસ અધિકારીઓની સાથે કુલ ૧૩ બાંગ્લાદેશી નાગરિકોને પકડ્યા, જે ગેરકાયદેસર રીતે રહી રહ્યા હતા. તેમાં ૭ પુરુષ અને ૬ મહિલાઓ સામેલ છે, જેમની ધરપકડ કરવામાં આવી છે.ગુનાની તપાસ કરતી વખતે એટીએસ અધિકારીઓએ એ પણ જાણ્યું કે બાંગ્લાદેશી નાગરિકોએ નકલી દસ્તાવેજોનો ઉપયોગ કર્યો છે.

### મહાયુતિના સાથીએ ઉતાર્યા ૧૧ ઉમેદવાર

# દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપને મોટો ઝટકો

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।**

દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા અજિત પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) એ રણશિંગુ વગાડ્યું છે. અજિત પવારની પાર્ટી NCPએ દિલ્હીમાં થનારી વિધાનસભા ચૂંટણીને લઈને તેમની પહેલી યાદી જાહેર કરી છે. આ યાદીમાં ૧૧ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. અજિત પવારના આ નિર્ણય ભાજપ માટે મોટો ઝટકા ગણી શકાય. કારણ કે, મહારાષ્ટ્રમાં NCP-ભાજપની ગઠબંધનની સરકાર છે, ત્યારે શું દિલ્હીની વિધાનસભાની ચૂંટણીમાં તેઓ ગઠબંધન નથી? NCPએ બુરાડીથી રતન ત્યાકી, બાદલીથી મુલાયમ સિંહ, મંગોળ પુરીથી એમ. ચંદ, ચાંદની ચૌકથી ખાલિદ ઉર રહેમાન, બલ્લીમારાનથી મોહમ્મદ હારૂન, છતરપુરથી નરેન્દ્ર તંવર, સંગમ વિહારથી કમર અહમદ, ઓખલાથી ઈમરાન સૈફી, લક્ષ્મી નગરથી શ્રી નમા, સીમા પુરથી રાજેશ લોહિયા, ગોકળ પુરીથી જગદીશ ભગતને મેદાને ઉતાર્યા છે. નોંધનીય છે કે, ૭૦ સભ્યપદ દિલ્હી વિધાનસભાની ચૂંટણી ફેબુઆરીમાં થવાની છે. મહત્ત્વની વાત એ છે કે, NCPની યાદીમાં ચાર મુસ્લિમ ઉમેદવારોને સ્થાન આપવામાં આવ્યું છે. તમને જણાવી દઈએ કે, કોંગ્રેસના ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી હતી.

### કંપની નવા જૂની કરવાના મૂડમાં

# BSNLના ૧૯૦૦૦ કર્મીની નોકરી પર લટકતી તલવાર

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।**

સરકારી ટેલિકોમ કંપની ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL) પોતાના કર્મચારીઓની સંખ્યા ઘટાડવાની તૈયારી કરી રહી છે. આ માટે કંપની VRS એટલે કે સ્વૈચ્છિક નિવૃત્તિ યોજના લાવશે. ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સ (DoT) એ કંપનીની નાણાકીય સ્થિતિ સુધારવા માટે VRSના પ્રસ્તાવને આગળ વધારવાનો નિર્ણય લીધો છે. ઈકોનોમિક ટાઈમ્સના રિપોર્ટ મુજબ, કંપની તેના કર્મચારીઓની સંખ્યામાં લગભગ ૩૫ ટકાનો ઘટાડો કરવા માંગે છે. નાણા મંત્રાલય પાસે માંગ્યા રૂપિયા! - આ બીજી વખત હશે જ્યારે BSNL કંપની VRS સ્કીમ લાવવા જઈ રહી છે. કંપનીએ આ માટે નાણા મંત્રાલય પાસે ૧૫,૦૦૦ કરોડ રૂપિયાની માંગ કરી છે. તેની અસર ૧૮૦૦૦-૧૯૦૦૦ કર્મચારીઓને થાય તેવી આશંકા છે. હાલમાં, BSNL તેની આવકના લગભગ ૩૮% એટલે કે ૭,૫૦૦ કરોડ રૂપિયા કર્મચારીઓના પગાર પાછળ ખર્ચે છે. આ ખર્ચ ઘટાડીને વાર્ષિક ૫,૦૦૦ કરોડ રૂપિયા કરવાની કંપનીની યોજના છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે નાણા મંત્રાલય પાસેથી મંજૂરી મળ્યા બાદ ટેલિકોમ મંત્રાલય આ પ્રસ્તાવને કેબિનેટની સમક્ષ લઈ જશે.







અમદાવાદ શહેરમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિવિધ વિસ્તારમાં સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી આ અંતર્ગત વિવિધ વિસ્તારોમાં ભીનો કચરો- સૂકો કચરો અલગ કરવો, સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવો તે અંગે સમજ આપવામાં આવી હતી.

## રાજકોટમાં વિચિત્ર કિસ્સો સામે આવ્યો

# રાજકોટમાં મહિલાના નાકમાં ઉગ્યો દાંત, ડોક્ટરે દૂરબીનથી કર્યો દૂર

## રાજકોટની ૩૮ વર્ષીય મહિલાને ૧૦ વર્ષથી નાકમાં જમણી બાજુ અવરોધ હતો

। (એજન્સી) રાજકોટ, તા.૨૮ ।

રાજકોટમાં એક વિચિત્ર કિસ્સો સામે આવ્યો ઠે. જેમાં એક મહિલાના નાકમાં દાંત ઉગ્યો હતો.. નાકમાં જમણી બાજુથી અવરોધ સાથે દુર્ગંધ મારતું પ્રવાહી નીકળતું હતું. એટલું જ નહીં, ગંભીર માથાનો દુઃખાવો અને વારંવાર થતી શરદીની સમસ્યાથી આ મહિલા પરેશાન થતાં હતાં. છેલ્લાં ૧૦ વર્ષથી તેઓ આ સમસ્યાથી પીડાતાં હતાં. જોકે ખાનગી હોસ્પિટલના ડોક્ટરે દૂરબીન વડે ૩૮ વર્ષીય મહિલાની સફળ સર્જરી કરી હતી અને તેઓ હાલ સંપૂર્ણપણે સ્વસ્થ છે. ઈએનટી સર્જન ડો. હિમાંશુ ઠક્કરના જણાવ્યા મુજબ રાજકોટની ૩૮ વર્ષીય મહિલાને ૧૦ વર્ષથી નાકમાં જમણી બાજુ અવરોધ હતો અને દુર્ગંધ મારતું પ્રવાહી તેમજ માથામાં ગંભીર દુઃખાવો અને વારંવાર થતી શરદીની સમસ્યા હતી. સ્થાનિક દવાઓથી રાહત ન મળતાં તેમણે મારો સંપર્ક કર્યો હતો. અહીં તેમના નાકની એન્ડોસ્કોપી અને સીટી સ્કેન કરતાં નાકમાં જમણી બાજુ દાંત જેવી રચના મળી હતી અને તે ગ્રેન્યુલેશન ટિસ્યૂ અને પ્રવાહીથી ઘેરાયેલી હતી. આને 'એક્ટોપિક ટૂથ' તરીકે ઓળખવામાં આવે છે, જે દાંત ખોટી જગ્યાએ ઊગે ત્યારે થાય છે. તેમણે વધુમાં જણાવ્યું હતુ કે આ એક અતિદુર્લભ સ્થિતિ છે, જેની ગણતરી માત્ર ૦.૧થી ૧ ટકા કેસમાં થાય છે. સાહિત્ય અનુસાર વિશ્વભરમાં ૫૦થી પણ ઓછા કેસ નોંધાયેલા છે. આ અંગે જાણકારી આપી મહિલાને એન્ડોસ્કોપિક સર્જરીની સલાહ આપી હતી. ઓપરેશન દરમિયાન મોટી પથ્થર જેવી રચના જેને rhinolith કહેવાય છે. એ બહાર કાઢવામાં આવી હતી, જેમાં દાંત સમાયેલો હતો. આ દાંત નાકમાં જમણી બાજુ અંદરના ભાગ (ઈન્ફિરિયર ટર્બિનેટ)માં ઊગ્યો હતો.સર્જરી પૂરી રીતે સફળ રહી હતી અને દર્દીને કોઈપણ જાતની તકલીફ વિના હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરી દેવામાં આવ્યા છે.

હાલ તેઓ સંપૂર્ણ રીતે તંદુરસ્ત છે. તેમના માથાનો દુઃખાવો દૂર થઈ ગયો છે. તેઓ સરળતાથી શ્વાસ લઈ શકે છે. વર્ષો જૂની સમસ્યાનું યોગ્ય નિદાન કરી સફળ સારવાર કરવા બદલ દર્દીએ હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

## ન્યૂઝ બ્રિફ

### ખોડદા ગામેથી ડીગ્રી વગર લોકોની સારવારની પ્રેક્ટિસ કરતો બોગસ તબીબ ઝડપાયો

। (એજન્સી) તાપી, તા.૨૮ ।

તાપી જિલ્લા SOGએ નિઝર તાલુકાના ખોડદા ગામેથી બોગસ ડોક્ટરને ઝડપી પાડ્યો છે. બાતમીના આધારે ખોરદા પટેલ ફળિયામાં રહેતા સુભાષ પાટીલ નામના બોગસ ડોક્ટરને SOGએ પકડી પાડ્યો છે. મળતી માહિતી મુજબ, સુભાષ પાટીલ નામના બોગસ ડોક્ટર ખોડદા ગામે પટેલ ફળિયામાં પોતાનાં મકાનમાં બીમાર લોકોને એલોપેથિકદવાઆપીસારવારકરતોહતો.ડિગ્રી વગર ક્લિનિક ચલાવનારા બોગસ તબીબની ધરપકડ કરવામાં આવી છે. લોકોની સારવાર કરીને આરોગ્ય સાથે ચેડા કરતા હોવાનો ખુલાસો થયો છે. પોલીસે એલોપથી દવા કબજે કરીને મેડીકલ પ્રેક્ટીશનર એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. SOGએ ખોડદા ગામે પટેલ ફળિયામાં પોતાનાં મકાનમાં એલોપેથિક દવાઓ તથા મેડિકલ ના લગતા સામાનનો જથ્થો મળી કુલ ૫૯૨૦૩ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. તાપી જિલ્લા એસઓજીએ BNS કલમ ૧૨૫ તેમજ ગુજરાત મેડિકલ પ્રેક્ટીશનર એક કલમ ૩૦ મુજબનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### બનાસકાંઠામાં પત્નીએ જ પતિને ઉતાર્યો મોતને ઘાટ

। (એજન્સી) બનાસકાંઠા, તા.૨૮ ।

બનાસકાંઠામાંથી ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં સાત જન્મ સુધી સાથ આપવાના વચન આપનાર પત્નીએ જ પતિની હત્યા કરી દીધી હતી. જોકે, પહેલાં પત્નીએ આ હત્યાને અકસ્માતમાં બદલવાનું કાવતરૂ ઘડ્યું હતું. જોકે, પોલીસ તપાસમાં સમગ્ર કૌભાંડનો ખુલાસો થયો હતો. પોલીસે હત્યા કરનાર પત્નીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. બનાસકાંઠાના વડગામ તાલુકનામાં વસુ ગામમાં શ્રવણજી ઠાકોર નામની વ્યક્તિએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. જેથી પોલીસે અકસ્માતનો ગુનો નોંધી તુપાસ હાથ ધરી હતી. બાદમાં પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં સામે આવ્યું કે, શ્રવણજી ઠાકોરના માથાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા અને ગળે ટૂંપો આપી મોત નિપજ્યુ હતું. રિપોર્ટ સામે આવતા લોકલ પોલીસ, એલસીબી અને પેરોલ ફ્લો સ્ક્વૉડની અલગ-અલગ સાત ટીમ બનાવી હત્યારાને પકડવા માટે તપાસ શરૂ કરી. બાદમાં ૧૫ દિવસ બાદ પોલીસ તપાસમાં સફળ થઈ અને હત્યારાનો ખુલાસો થયો પોલીસ તપાસમાં સામે આવ્યુ કે, પોલીસને જ્યારે હત્યાની જાણ થઈ ત્યારે પોલીસ પણ ચોંકી ઉઠી હતી. પોલીસ પૂછપરછમાં ભાંગી પડેલી શ્રવણજી ઠાકોરની પત્ની રેખા ઠાકોરે કબૂલાત કરી કે, રોજ-રોજના ઝઘડા અને ઘર કંકાશથી હું કંટાળી ગઈ હતી. જેના કારણે પહેલાં પતિને માથાના ભાગે દાતરડાથી વાર કર્યો અને બાદમાં બેભાન થઈ જતાં ખાટલાની દોરી વડે ગળે ટૂંપો આપી હત્યાને અંજામ આપ્યો હતો. નોંધનીય છે કે, પત્ની રેખાએ પહેલાં પતિની હત્યાને આત્મહત્યામાં ખપાવવાનો પ્રયાસ કર્યો હતો.

## ખેડૂતોએ પોતાની રોજી બચાવવા દોટ મૂકી

# કમોસમી વરસાદને કારણે ખેડૂતોની હાલત કફોડી બની

## ખેડૂતોએ એપીએમસીની બહાર લાંબી લાઈન લગાવી છે જેથી તેમનો માલ વહેલી તકે વેચાઈ જાય અને સુરક્ષિત રહે

। (એજન્સી) બનાસકાંઠા, તા.૨૮ ।

ગુજરાતમાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોની હાલત કફોડી બની ગઈ છે. જેમાં બનાસકાંઠાના ધાનેરામાં પોતાનો પાક બગડી ન જાય તેને લઈને ખેડૂતોએ એપીએમસીની બહાર લાંબી લાઈન લગાવી છે. જેથી તેમનો માલ વહેલી તકે વેચાઈ જાય અને સુરક્ષિત રહે. બનાસકાંઠા જિલ્લાના ધાનેરાના તાલુકા ખરીદ વેચાણ સંઘના ગોડાઉન ખાતે મોટી સંખ્યામાં ટ્રેક્ટરની કતાર જોવા મળી રહી છે. વાદળછાયા વાતાવરણ વચ્ચે પણ ખેડૂતો પોતાનો માલ ટેકાના ભાવે ભરાવવા માટે તાલુકા સંઘના ગોડાઉન ખાતે ટ્રેક્ટરોની લાંબી લાઈન લાગી હતી. હવામાન વિભાગ દ્વારા ઉત્તર ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી છે તો બીજી તરફ કમોસમી વરસાદની આગાહી વચ્ચે ટેકાના ભાવે મગફળી ભરાવવા માટે બનાસકાંઠાના ધાનેરા ડીસા હાઈવે પર લાંબી લાઈનો જોવા મળી રહી છે. ધાનેરા તાલુકા ખરીદ વેચાણ સંઘના ગોડાઉન ખાતે ટેકાના ભાવે મગફળી લેવામાં આવી રહી છે. ખેડૂતોને ટેકાના ભાવે ૨૦ કિલો મગફળીના ૧૩૫૬ રૂપિયા મળી રહ્યા છે. જ્યારે માર્કેટ યાર્ડમાં ૧,૦૦૦ થી ૧૦૫૦ રૂપિયા મળતા હોવાથી ખેડૂતો ટેકાના ભાવે મગફળી ભરાવવા માટે વરસાદની આગાહી વચ્ચે પણ ગોડાઉન ખાતે પહોંચી રહ્યા છે. રોજના ૧૫૦ થી વધુ ખેડૂતોને ટોકન આપીને તેમની મગફળી ખરીદવામાં આવી રહી છે. બે દિવસ કમોસમી વરસાદની આગાહી છે અને વરસાદની આગાહી વચ્ચે પણ ટેકાના ભાવે મગફળી વેચવા માટે દોઢ કિલોમીટર લાંબી લાઈનો ખેડૂતોના ટ્રેક્ટરોની જોવા મળી રહી છે.

## રાજ્યમાં રવિવારે કંડકટરની પરીક્ષા યોજાશે

# ST-SCના ઉમેદવારોને એસ.ટી. બસ દ્વારા વિનામૂલ્યે સુવિધા અપાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

કંડકટરની પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓને સમયસર પરીક્ષા કેન્દ્રો ઉપર પહોચાડવા રાજ્ય સરકાર તેમજ ST બસ નિગમ સજ્જ છે. આગામી તા. ૨૯ ડિસેમ્બર રવિવારના રોજ રાજ્યના વિવિધ કેન્દ્રો ઉપર કંડકટર કક્ષાની OMR આધારિત લેખિત પરીક્ષા યોજાનાર છે. આ પરીક્ષામાં ભાગ લેનાર અનુસૂચિત જનજાતિ-ST અને અનુસૂચિત જાતિ- SCના ઉમેદવારોને એસ. ટી. નિગમ દ્વારા વિનામૂલ્યે પરીક્ષા કેન્દ્ર સુધી લાવવા લઈ જવાની સુવિધા આપવામાં આવશે. એસ. ટી. નિગમની યાદીમાં જણાવ્યા અનુસાર, પરીક્ષા આપવા માટે ઉમેદવારો પોતાના પરીક્ષા કેન્દ્રો સુધી સમયસર પહોંચી શકે અને પરીક્ષા આપ્યા બાદ ઘરે પરત ફરી શકે તેના માટે રાજ્ય સરકાર દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. જે માટે નિગમ દ્વારા પોતાના તાબા હેઠળનાં તમામ વિભાગો, ડેપો અને સંચાલનમાં રહેલ સ્ટાફને પરીક્ષાના દિવસે ઉમેદવારોને કોઈ અગવડતા કે મુશ્કેલીઓ ન વેઠવી પડે તે બાબતને ધ્યાને લઈ તમામ વિભાગોને સુચના પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ વિશેષ સુવિધાનો મહત્તમ લાભ લેવા રાજ્યભરના પરીક્ષાર્થીઓને ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# જામનગર પંથકમાં સ્ટેટ મોનિટરિંગ સેલના ઓચિંતા દરોડા પડ્યા

। (એજન્સી) જામનગર, તા.૨૮ ।

જામનગર જિલ્લામાં દેશી દારૂના ગેરકાયદેસર ધંધા સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. તાજેતરમાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા દરેડ-મસીતીયા રોડ પર ચાલતા દેશી દારૂના ભઠ્ઠા પર દરોડો પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહીમાં ૮૯૫ લીટર દેશી દારૂ, વાહનો સહિત કુલ ૭.૬૬ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહીમાં હરદાન ગુજરીયા અને દેવસુર ઘોડા નામના બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે જ્યારે ત્રણ આરોપીઓ ફરાર થઈ ગયા છે.આ કાર્યવાહી દ્વારા જિલ્લામાં દેશી દારૂના ગેરકાયદેસર ધંધાને મોટો ફટકો લાગ્યો છે. સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, તેમને બાતમી મળી હતી કે દરેડ-મસીતીયા રોડ પર દેશી દારૂ બનાવવાનું અને વેચાણનું કામ ચાલી રહ્યું છે. આ બાતમીના આધારે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે દરોડો પાડ્યો હતો અને મોટી માત્રામાં દેશી દારૂ, વાહનો અને અન્ય સાધનો જપ્ત કર્યા હતા. પકડાયેલા આરોપીઓ સામે દેશી દારૂના ઉત્પાદન અને વેચાણ સંબંધિત ગુનો નોંધવામાં આવ્યો છે અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ કાર્યવાહી દ્વારા જિલ્લા પોલીસે દેશી દારૂના ગેરકાયદેસર ધંધા સામેની કાર્યવાહીને વધુ તીવ્ર બનાવી છે.

### ગુજરાતમાં હજુ બે દિવસ તોફાની પવન સાથે રહેશે માવઠાંની સંભાવના

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

પાકિસ્તાન પર સ્થિર થયેલ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, દક્ષિણ પશ્ચિમ રાજસ્થાનમાં સર્જાયેલ ઈન્ડ્યુસ સાયક્લોનિક સરક્યુલેશનને પગલે, ઉત્તર પાકિસ્તાનથી લઈને મધ્ય પૂર્વ અરબી સમુદ્ર સુધી સર્જાયેલ ટર્ફના કારણે ગુજરાતના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ગુજરાતમાં આજે ૨૭મી ડિસેમ્બર અને આવતીકાલ ૨૮મી ડિસેમ્બરના રોજ, ગુજરાતના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ કમોસમી વરસાદ વરસશે. વરસાદની સાથેસાથે સામાન્ય કરતા વધુ ઝડપે પવન ફૂંકાવવાની પણ સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. ગુજરાતમાં ગઈકાલ ગુરુવાર મોડી રાત્રીથી હવામાનમાં પલટો આવેલ છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ધુમ્મસનું સામ્રાજ્ય જોવા મળ્યું હતું. તો આકાશ વાદળછાયુ રહેવા પામ્યું હતું. જો કે વાતાવરણમાં આવેલા પલટાને કારણે લઘુત્તમ તાપમાનનો પારો ઉચકાયો હોવાથી ગત સપ્તાહ સુધી અનુભવાયેલ ઠંડીનો પ્રકોપ હળવો થયો હતો. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને ઈન્ડ્યુસ સાયક્લોનિક સરક્યુલેશનને કારણે હિમાલયના પર્વતીય ક્ષેત્રમાં હિમવર્ષા થવાની પણ આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

### સરખેજ નજીક ગેરકાયદે ચાલતા હુક્કાબાર પર પોલીસનો દરોડો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

સરખેજમાં મુતપુરા રોડ પાસે વિન્સ કેફે ગલીમાં આવેલા લુશ કાફે એન્ડ લોન્જ નામના કાફેમાં હુક્કાબાર ચાલતો હોવાની માહિતી સરખેજ પોલીસને મળી હતી. આ હુક્કાબાબારમાં ગેરકાયદેસર રીતે હર્બલ ફ્લેવરની અંદર નિકોટીનયુક્ત ફ્લેવર એડ કરીને હુક્કાબારનો ધંધો કરવામાં આવતો હોવાનું જાણવા મળ્યું હતું. જેને આધારે પોલીસે અહીં દરોડો પાડ્યો હતો. તપાસમાં અમદાવાદમાં રહેતો ધ્રુવ સંજયભાઈ શર્મા તથા જુહાપુરામાં રહેતો મુળ આસામનો રહેવાસી સાબાઝઉદ્દી હેદાયત ઉલ્લા તથા વિશાલ વિનોદભાઈ ઠાકોર ત્રણેય પાર્ટનર હોવાનું બહાર આવ્યું હતું. તે સિવાય હુક્કાબારમાં હુક્કો પીવા આવેલા છ શખ્સો પણ મળી આવ્યા હતા. તપાસમાં માલિકો પાસે હુક્કાબાર ચલાવવાનું કોઈ લાયસન્સ ન હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે અહીંથી અલગ અલગ ફ્લેવરના પેકેટો, કાચના નાના મોટા ૨૧ હુક્કા માટીની ૨૧ ચલમ, તથા અન્ય સામગ્રી મળીને કુલ રૂ. ૩૮,૨૭૫ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

### વાળ કાપવાના પૈસા માગનાર સલૂન માલિકની ગ્રાહકે કરી હત્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદના વટવા ખાતેના એક સલૂનમાં પેમેન્ટ વિવાદે ચોંકાવનારો વળાંક લીધો હતો. ગ્રાહકે વાળ કાપવા બદલે નાણાં ન ચૂકવતા વિવાદ થયો હતો, જે હત્યામાં ફેરવાયો. ૩૫ વર્ષીય વસીમ અહેમદ પર પોતાના જ સલૂનમાં ગુરુવારે (૨૬ ડિસેમ્બર) સાંજે એક ગ્રાહક દ્વારા જીવલેણ હુમલો કરવામાં આવ્યો. અહેમદ છેલ્લા ચાર વર્ષથી પોતાનો વ્યવસાય ચલાવતા હતાં. જોકે, ગુરૂવારે ગ્રાહક સાથે પેમેન્ટ બાબતે થયેલી દલિલ બાદ આરોપી મોહિદ ખાને કથિત રીતે ચાકુ વડે હુમલો કરી વસીમ અહેમદની હત્યા કરી દીધી. અહેમદના મોટા ભાઈ મોહમ્મદ મોહસીનના જણાવ્યા અનુસાર, સાંજે ૬:૩૦ વાગ્યાની આસપાસ વટવાના તસ્લીમ સોસાયટીના રહેવાસી મોહિદ ખાને વાળ કપાવ્યા બાદ પૈસા આપવાનો ઈનકાર કરતાં ઝઘડો શરૂ થયો હતો. બાદમાં આ ઝઘડો હિંસક બની ગયો અને આરોપી મોહિદે સલૂનના માલિક અહેમદ પર ચાકુથી જીવલેણ હુમલો કરી ત્યાંથી ભાગી ગયો. બાદમાં અહેમદ પોતાની દુકાનમાં બેભાન હાલતમાં મળી આવ્યો હતો અને ખૂબ લોહી વહી રહ્યું હતું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



ભારતની આર્થિક રાજધાની મુંબઈ, એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) રીડિંગ સામાન્ય રેન્જથી ઉપર જઈને પ્રદૂષણના સ્તરમાં અભૂતપૂર્વ વધારાનો સામનો કરી રહ્યું છે.

### ચીને બ્રહ્મપુત્રા નદી પર

# વિશ્વના સૌથી મોટા ડેમ બનાવવાની યોજનાનો ચીને બચાવ કર્યો છે

## દાયકાઓના સંશોધન બાદ પ્રોજેક્ટને મંજૂરી આપી, નદીના નીચલા પ્રદેશો પર કોઈ નકારાત્મક અસર નહીં પડેઃ ચીન

**। (એજન્સી) બેઇજિંગ, તા.૨૮ ।**

ચીને શુક્રવારે તિબેટમાં બ્રહ્મપુત્રા નદી પર વિશ્વના સૌથી મોટા ડેમ પ્રોજેક્ટની યોજનાનો બચાવ કરતા કહ્યું હતું કે, આ સુરક્ષિત છે. ચીનનો દાવો છે કે નદીના નીચલા પ્રદેશો પર કોઈ નકારાત્મક અસર નહીં પડે. આ પ્રોજેક્ટને કેટલાક દાયકાઓના સંશોધન બાદ મંજૂરી આપવામાં આવી છે. ચીને આ પ્રોજેક્ટને સ્વચ્છ ઉર્જા વિકસાવવા અને ક્લાઈમેટ ચેન્જને રોકવાના પ્રયાસ તરીકે રજૂ કર્યો છે. આ પ્રોજેક્ટ પાછળ ચીની ચલણમાં એક ટ્રિલિયન યુઆન (૧૩૭ બિલિયન ડોલર)નો ખર્ચ થશે.નોંધનીય છે કે, ચીને બુધવારે તિબેટમાં બ્રહ્મપુત્રા નદી પર વિશ્વના સૌથી મોટા ડેમ પ્રોજેક્ટને મંજૂરી આપી હતી. જે ભૂકંપ-સંભવિત હિમાલય વિસ્તારમાં સ્થિત છે. જો કે, આ પ્રોજેક્ટ પર ઘણા દેશોએ પોતાની ચિંતા વ્યક્ત કરી છે.ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે કહ્યું કે, 'ચીને હંમેશા સરહદ પાર



નદીઓના વિકાસની જવાબદારી લીધી છે. તેમણે કહ્યું કે, તિબેટમાં હાઈડ્રોપાવર ડેવલપમેન્ટને દાયકાઓના ઊંડાણપૂર્વકના અભ્યાસ બાદ મંજૂરી આપવામાં આવી છે. આ માટે તમામ સુરક્ષા પગલાં લાગુ કરવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટથી નીચલા પ્રદેશો પર કોઈ અસર નહીં થાય.'માઓએ વધુમાં કહ્યું હતું કે, ચીન સરહદી દેશો સાથે વાતચીત ચાલુ રાખવા માટે તૈયાર છે. તેમણે આશ્વાસન પણ આપ્યું કે, ચીન ભૂકંપ અને આપત્તિ વ્યવસ્થાપનમાં નીચલા નદી કિનારે સ્થિત દેશો સાથે સહયોગને પ્રોત્સાહન આપશે.

## ન્યૂઝ બ્રિફ

### 'હું જેલમાં હતો, મનમોહન સિંહે મારા પુત્રના ભણવાનો ખર્ચ ઉપાડવાની ઓફર કરી હતી'



**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।**

ભારતના પૂર્વ વડા પ્રધાન ડૉ. મનમોહન સિંહનું ગુરુવારે રાત્રે ૯૨ વર્ષની વયે નિધન થયું હતું. દિલ્હી એઈમ્સમાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. વિશ્વ પણ તેમના નિધન પર શોક વ્યક્ત કરી રહ્યું છે. આ દરમિયાન મલેશિયાના વડા પ્રધાન અનવર ઈબ્રાહિમે મનમોહન સિંહ સાથે જોડાયેલો એક કિસ્સો શેર કર્યો છે. જે મનમોહન સિંહની માનવતા દર્શાવે છે.અનવર ઈબ્રાહિમે સોશિયલ મીડિયા પર લખ્યું, મારા આદરણીય અને પ્રિય મિત્ર ડૉ.મનમોહન સિંહના નિધનના સમાચાર સાંભળીને મારા પર દુખનો પહાડ તૂટી પડ્યો છે. આ મહાન વ્યક્તિ અંગે નિશ્ચિત રીતે નિશ્ચિત રીતે અનેક પુસ્તકો લખાશે, જેમાં તેમને ભારતના આર્થિક સુધારાના નિર્માતા ગણાવવામાં આવશે. ડૉ. મનમોહન સિંહ વિશ્વના આર્થિક દિગ્ગજો પૈકીના એક હતા.અનવરે ૧૯૯૦ના દાયકા દરમિયાન મલેશિયાના નાણાં પ્રધાન તરીકે કામ કર્યુ હતું. તેમણે ડૉ. મનમોહન સિંહના અભૂતપૂર્વ આર્થિક સુધારાને યાદ કર્યા. બંને નેતાએ ભ્રષ્ટાચાર સામે લડવાનો સંકલ્પ કર્યો હતો. તેમણે કહ્યું, ડૉ. સિંહ એક શ્રેષ્ઠ રાજનેતા હતા.

### પિત્ઝા ડિલિવરી ગર્લે ધારદાર હથિયારના ૧૪ ઘા ઝીંકી દીધા



**। (એજન્સી) ફ્લોરિડા, તા.૨૮ ।**

ગર્ભવતી મહિલાએ ૨ ડોલરની ટીપ ના આપી, પિત્ઝા ડિલિવરી ગર્લે ધારદાર હથિયારના ૧૪ ઘા ઝીંકી દીધા અમેરિકાના ફ્લોરિડાથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. એક પિત્ઝા ડિલિવરી ગર્લની એક ગર્ભવતી મહિલાની હત્યા કરવાના પ્રયાસના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. કથિત રીતે મહિલાએ ૨ ડૉલરની ટિપ આપવાનો ઈનકાર કરી દીધો હતો, જેનાથી તે ભડકી ગઈ હતી. આરોપીની ઓળખ ૨૨ વર્ષીય બ્રાયના અલ્વેલોના રૂપે થઈ છે. તેણે મહિલા પર ચાકૂથી એક ડઝનથી વધુ વખતા વાર કર્યો. જોકે, મહિલા આ ઘટનાથી બચી ગઈ હતી.આ ઘટના ફ્લોરિડાના એક મોટેલમાં થઈ હતી. મહિલા પોતાના પ્રેમી અને ૫ વર્ષની દીકરી સાથે જન્મદિવસ ઉજવી રહી હતી અને તેણે પિત્ઝા ઓર્ડર કર્યો હતો. મહિલાએ ડિલિવરી વર્કરને ૩૩ ડોલરના પિત્ઝા ઓર્ડર કર્યા બાદ એક નાનકડી ટિપ આપી. ઓસિયાલા કાઉન્ટી શેરિફ અનુસાર, અલ્વેલોને આ વાત સારી ન લાગી. રવિવારે રાત્રે ૧૦ વાગ્યે તે મોઢું ઢાંકી ચાકૂ સાથે મોટેલમાં પાછી આવી. બંનેએ મહિલા પર હુમલો કર્યો. મળતી માહિતી મુજબ, અલ્વેલોએ કથિત રીતે ઘટનાસ્થળથી ભાગતા પહેલાં ૧૪ વાર ચાકૂ માર્યા.

# કોંગ્રેસ હાઈકમાન્ડ પર નારાજ થઈ પ્રણવ મુખર્જીની પુત્રી

## કોંગ્રેસનું કહેવું છે કે ડો.મનમોહન સિંહનું સ્મારક એ જ જગ્યાએ બનાવવું જોઈએ જ્યાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।**

પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીની પુત્રી શર્મિષ્ઠા મુખર્જીએ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં પૂર્વ વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહ માટે અલગ સ્મારક બનાવવાના કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના પ્રસ્તાવની ટીકા કરી છે. ખડગે વતી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને પૂર્વ વડાપ્રધાનના સ્મારક માટે દિલ્હીમાં જમીન ફાળવવાની માંગણી કરી છે. 'બાબાના નિધન પર શોકસભા પણ નહીં...'

કોંગ્રેસનું કહેવું છે કે ડૉ.મનમોહન સિંહનું સ્મારક એ જ જગ્યાએ બનાવવું જોઈએ જ્યાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવે. ડૉ. મનમોહન સિંહનું વય-સંબંધિત બિમારીઓને કારણે ૨૬ ડિસેમ્બર, ૨૦૨૪ની રાત્રે દિલ્હીમાં ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સ (AIIMS) ખાતે અવસાન થયું હતું. તેઓ ૯૨ વર્ષના હતા. શર્મિષ્ઠા મુખર્જીએ એક્સ પર એક નિવેદનમાં દાવો કર્યો હતો કે જ્યારે ઓગસ્ટ ૨૦૨૦ માં તેમના પિતા અને ભૂતપૂર્વ ભારતીય રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીનું અવસાન થયું, ત્યારે કોંગ્રેસ નેતૃત્વએ કોંગ્રેસ કાર્યકારી સમિતિ (CWC)



દ્વારા શોકસભા બોલાવવાની પણ તસ્દી લેવામાં આવી ન હતી.તેમના જણાવ્યા મુજબ, કોંગ્રેસના એક વરિષ્ઠ નેતાએ ત્યારે તેમને કહ્યું હતું કે ભારતીય રાષ્ટ્રપતિઓના નિધન પર પાર્ટીની કાર્યકારી સમિતિ દ્વારા શોકસભા બોલાવવાની કોઈ પરંપરા નથી.

શર્મિષ્ઠા મુખર્જીએ કોંગ્રેસના નેતાની દલીલને સંપૂર્ણ બકવાસ ગણાવી હતી અને એવો પણ દાવો કર્યો હતો કે તેમને તેમના પિતાની ડાયરીમાંથી જાણવા મળ્યું છે કે અન્ય એક ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ કે.આર. નારાયણનના નિધન પર ઝઉઝની બેઠક બોલાવવામાં આવી હતી અને શોક સંદેશનો મુસદ્દો અન્ય કોઈએ નહીં પણ તેમના પિતા પ્રણવ મુખર્જીએ પોતે જ તૈયાર કર્યો હતો. શર્મિષ્ઠા મુખર્જીએ કોંગ્રેસના પૂર્વ નેતા સી.આર. કેશવનની અન્ય એક પોસ્ટને ટાંકીને જણાવ્યું હતું કે, કોંગ્રેસે પક્ષના અન્ય રાજનેતાઓને માત્ર 'ગાંધી' પરિવારના સભ્ય ન હોવાને કારણે તેમની કેવી રીતે અવગણના કરી તે અંગે પ્રકાશ પાડવામાં આવ્યો હતો. કોંગ્રેસનું કહેવું છે કે ડૉ.મનમોહન સિંહનું સ્મારક એ જ જગ્યાએ બનાવવું જોઈએ જ્યાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવે, આ મુદ્દા પર, શર્મિષ્ઠાએ ૨૦૦૪ થી ૨૦૦૯ સુધી ડૉ. મનમોહન સિંહના મીડિયા સલાહકાર અને ફાઈનાન્સિયલ એક્સપ્રેસના ભૂતપૂર્વ એડિટર-ઈન-ચીફ ડૉ. સંજય બારુ દ્વારા લખાયેલા પુસ્તક 'ધ એક્સિડેન્ટલ પ્રાઈમ મિનિસ્ટર'ના એક પ્રકરણનો ઉલ્લેખ કર્યો. બારુએ તેમના પુસ્તકમાં ઉલ્લેખ કર્યો છે કે કેવી રીતે કોંગ્રેસના નેતૃત્વ હેઠળની યુપીએ સરકાર, ભૂતપૂર્વ ભારતીય વડા પ્રધાન પી.વી. ૨૦૦૪ માં મૃત્યુ પામેલા નરસિમ્હા રાવ માટે દિલ્હીમાં ક્યારેય કોઈ સ્મારક બનાવવામાં આવ્યું ન હતું.

### અમેરિકા ભારતીયો પર મહેરબાન

## દરરોજ હજારો લોકોને નોન ઈમિગ્રેશન વિઝા, 3 લાખથી વધુને સ્ટુડન્ટ વિઝા



**। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૮ ।**

અમેરિકાએ સતત બીજા વર્ષે ભારતીયોને દસ લાખથી વધુ નોન ઈમિગ્રેશન વિઝા આપ્યા છે. જેમાં રેકોર્ડ સંખ્યામાં વિઝિટર વિઝા સામેલ છે. દેશમાં અમેરિકી મિશનના એક રિલિઝ અનુસાર, ભારત, ૨૦૨૪માં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને મોકલનાર ટોચનો દેશ બન્યો છે. શૈક્ષણિક વર્ષ ૨૦૦૮-૦૯ બાદ પ્રથમ વખત સૌથી વધુ ૩.૩૧ લાખથી વધુ વિદેશી વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે. જેમાં ભારતીયોનું યોગદાન સૌથી વધુ છે. ઈન્ટરનેશનલ અંડર ગ્રેજ્યુએટ સ્ટુડન્ટ્સમાં ભારતીયોની સંખ્યા ૧૯ ટકા વધી ૨૦ લાખ થઈ છે. આ રિપોર્ટ ભારતીયોની પ્રવાસન, વ્યવસાય અને શિક્ષણ માટે અમેરિકાની મુલાકાત લેવાની મજબૂત માંગને રેખાંકિત કરે છે, છેલ્લા ચાર વર્ષમાં ભારતમાંથી આવતા લોકોની સંખ્યામાં પાંચ ગણો વધારો થયો છે, અને ૨૦૨૪ પહેલાં ૨૦ લાખથી વધુ ભારતીયોએ પ્રવાસ કર્યો હતો. છેલ્લા અગિયાર મહિનામાં ૨૦૨૩ના સમાન સમયગાળાની તુલનામાં ૨૬ ટકાનો વધારો થયો છે. ભારતમાં યુએસ એમ્બેસી દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર, ૫૦ લાખથી વધુ ભારતીયો પાસે પહેલાથી જ યુએસ જવા માટે નોન-ઈમિગ્રેશન વિઝા છે અને મિશન દરરોજ હજારો વધુ વિઝા જારી કરી રહ્યું છે. સ્ટેટ ડિપાર્ટમેન્ટે પણ આ વર્ષે યુનાઈટેડ સ્ટેટ્સમાં H-1B વિઝા રિન્યૂઅલ માટે પાઈલટ પ્રોગ્રામ સફળતાપૂર્વક અમલમાં મૂક્યો હતો, જેનાથી ઘણા ભારતીય પ્રોફેશનલ્સને ફાયદો થયો હતો. જેઓ દેશ છોડ્યા વિના તેમના વિઝા રિન્યૂ કરાવી શક્યા છે. હજારો લોકો માટે પ્રક્રિયાને સરળ બનાવવાના પાયલોટ પ્રોજેક્ટની સફળતાને પગલે, ૨૦૨૫માં આ ડોમેસ્ટિક રિન્યુઅલ પ્રોગ્રામને ઔપચારિક રીતે સ્થાપિત કરવાનું લક્ષ્ય રાખે છે. ભારતમાં યુએસ મિશન ઘણા ઈમિગ્રેશન વિઝા નિયમોમાં સુધારો કરી રહી છે. જે કાયદેસર કૌટુંબિક પુનઃમિલન અને વ્યાવસાયિક સ્થળાંતરને મંજૂરી આપે છે. ઓન અરાઈવલ વિઝા, ગ્રીન કાર્ડ સહિતના વિઝાને પણ વેગ આપે છે.

### કડકડતી ઠંડીમાં લોકો ઘરની બહાર દોડી આવ્યા

# જમ્મુ-કાશ્મીરના વિવિધ વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા

**। (એજન્સી) શ્રીનગર, તા.૨૮ ।**

જમ્મુ-કાશ્મીરમાં શુક્રવારે રાત્રે આવેલા ભૂકંપના કારણે ધરતી ધ્રૂજી ઉઠી હતી. રાત્રે ૯.૦૬ કલાકે ભૂકંપ નો આંચકો અનુભવાયો હતો, જેના કારણે લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને કડકડતી ઠંડી વચ્ચે તેઓ ઘરની બહાર નીકળી સલામત સ્થળે દોડી ગયા હતા. નેશનલ સિસ્મોલોજી સેન્ટર અનુસાર, જમ્મુ અને કાશ્મીરના બારામુલ્લામાં જમીનની સપાટીથી ૧૦ કિ.મી. ભૂકંપનું કેન્દ્રબિંદુ નીચે હતું. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૪.૦ માપવામાં આવી હતી. પૃથ્વીની અંદર ૭ પ્લેટ્સ છે, જે સતત ફરતી રહે છે. આ પ્લેટો જ્યાં અથડાય છે તે ઝોનને ફોલ્ટ લાઈન કહેવામાં આવે છે. વારંવાર અથડામણને કારણે પ્લેટોના ખૂણાઓ વળે છે. જ્યારે ખૂબ દબાણ વધે છે, ત્યારે પ્લેટો તૂટવાનું શરૂ કરે છે. નીચેની



ઉર્જા બહાર નીકળવાનો માર્ગ શોધે છે અને વિક્ષેપ પછી ભૂકંપ આવે છે. રિક્ટર સ્કેલનો ઉપયોગ કરીને ભૂકંપની તીવ્રતા માપવામાં આવે છે. તેને રિક્ટર મેગ્નિટ્યુડ ટેસ્ટ સ્કેલ કહેવામાં આવે છે. રિક્ટર સ્કેલ પર ભૂકંપ ૧ થી ૯ સુધીના સ્કેલ પર માપવામાં આવે છે. ભૂકંપ તેના કેન્દ્ર એટલે કે એપી સેન્ટર પરથી માપવામાં આવે છે. ધરતીકંપ દરમિયાન પૃથ્વીની અંદરથી મુક્ત થતી ઊર્જાની તીવ્રતા માપવામાં આવે છે. જે ભૂકંપની તીવ્રતા નક્કી કરે છે.

### હોમિયોપેથીની પ્રેક્ટિસ કરતા ડોક્ટરો માટે સારા સમાચાર

# હવે હોમિયોપથીના ડોક્ટર એલોપેથીની પ્રેક્ટિસ કરશે

**। (એજન્સી) મુંબઈ, તા.૨૮ ।**

હોમિયોપેથીની પ્રેક્ટિસ કરતા ડોક્ટરો માટે એક સારા સમાચાર છે. હવે તેઓ દર્દીઓને એલોપેથિક દવાઓ લખી આપી શકશે. હોમિયોપેથી ડૉક્ટરને ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) એ એલોપેથીની પ્રેક્ટિસ કરવા માટે લાયસન્સ જારી કર્યુ છે. જોકે, ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) એ FDAના આ નિર્ણયનો વિરોધ કર્યો છે.ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના જણાવ્યા અનુસાર, માત્ર એવા હોમિયોપેથિક ડોકટરોને જ એલોપેથીની પ્રેક્ટિસ કરવાની મંજૂરી આપવામાં આવી છે જેમણે સરકારી માન્યતા પ્રાપ્ત મેડિકલ કોલેજમાંથી 'સર્ટિફિકેટ કોર્સ ઈન મોડર્ન ફાર્માકોલોજી'માં એક વર્ષનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યો છે. ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને એમ પણ જણાવ્યું હતું કે તેણે ઘણાં વર્ષોથી હોમિયોપેથિક



ડોકટરો દ્વારા કરવામાં આવી રહેલી માંગ પૂરી કરી છે. જોકે, IMAએ આ નિર્ણય સામે બાંયો ચડાવી છે અને આ નિર્ણય સામે કોર્ટમાં જવાનો નિર્ણય કર્યો છે. રાજ્યભરમાં ૮૦ હજાર હોમિયોપેથી ડોકટરો છે. આયુષ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે તેમાંથી દસ હજાર લોકોએ ઉપરોક્ત કોર્સ પૂર્ણ કર્યો છે અને માત્ર તેઓ જ એલોપેથીની પ્રેક્ટિસ કરી શકે છે. હોમિયોપેથી આયુષ નિર્દેશાલયના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે.



દિલ્હીમાં ૪૧.૨ મીમી વરસાદ નોંધાયો, જે ૧૦૧ વર્ષ પછી ડિસેમ્બરમાં એક જ દિવસમાં સૌથી વધુ વરસાદ પડ્યો છે તેમ કહી શકાય.

### આ કેસોમાં રાજસ્થાન ટોચ પર

# દેશની અદાલતોમાં ચેક બાઉન્સનાં જ અધધધ 43 લાખ કેસ પેન્ડિંગ!

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।**

ભારતની ન્યાય પ્રણાલીને વિશ્વમાં ખૂબ મોટી અને ખૂબ જ જટિલ માનવામાં આવે છે. ભારતની અદાલતોમાં પેન્ડિંગ કેસોની સંખ્યા અનેક પ્રકારનાં પડકારો રજૂ કરે છે. આ મામલે એક ચોંકાવનારો આંકડો સામે આવ્યો છે કે ડિસેમ્બરની સ્થિતિએ દેશભરની વિવિધ અદાલતોમાં ૪૩ લાખથી વધુ ચેક બાઉન્સ કેસ પેન્ડિંગ છે. આ કેસોમાં રાજસ્થાન ટોચ પર છે, જ્યાં ૬.૪ લાખથી વધુ કેસ પેન્ડિંગ છે. ત્યારબાદ મહારાષ્ટ્ર, ગુજરાત, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ આવે છે.હકીકતે ચેક બાઉન્સના કેસો સામાન્ય અદાલતોમાં ચલાવવામાં આવે છે કારણ કે તે અપરાધિક પ્રકૃતિનાં હોય છે. મીડિયા રિપોર્ટનાં અહેવાલ મુજબ તાજેતરમાં ૨૦ ડિસેમ્બરે કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે સંસદમાં જણાવ્યું હતું કે ચેક બાઉન્સના મામલામાં વિલંબ માટે ઘણા કારણો જવાબદાર છે. જેમાં વારંવાર સ્થગિત થવું, કેસોની દેખરેખ અને સુનાવણી માટે યોગ્ય વ્યવસ્થાનો અભાવ અને વિવિધ કેસોના નિકાલ માટે સમય મર્યાદાનાં અભાવનો સમાવેશ થાય છે. ચેક બાઉન્સના કેસોમાં થતાં વિલંબને ધ્યાને લઈ સુપ્રીમ કોર્ટે ૧૦ માર્ચ ૨૦૨૧ના રોજ ૧૦ સભ્યોની સમિતિની રચના કરી હતી.

## તંત્રી લેખ...

# ધાર્મિક સ્થળોના વિવાદ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વિચારોની નજીક મનાતા અંગ્રેજી સાપ્તાહિક ઓર્ગેનાઈઝરે સંઘ પ્રમુખ મોહન ભાગવતની દરેક જગ્યાએ મંદિર નહિ શોધવાના કથન સાથે અસહમતિ વ્યક્ત કરીને એ ચર્ચાને વધુ વેગવાન બનાવવાનું કામ કર્યું છે કે વિવાદિત ધાર્મિક સ્થળો પર કેવી નીતિ હોવી જોઈએ? એ ચર્ચા તો ત્યારે જ છેડાઈ ગઈ હતી, જ્યારે કેટલાક હિંદુ સંતોએ સંઘ પ્રમુખના નિવેદનને સ્વીકાર કરવાનો ઈનકાર કરી દીધો હતો. આ સંતોનું કહેવું હતું કે વિવાદિત ધાર્મિક સ્થળોનું સત્ય જાણવું આવશ્યક છે. એ જ વાત હવે ઓર્ગેનાઈઝરે પણ કરી દીધી. મોહન ભાગવતે લગભગ બે વર્ષ પહેલાં પણ એમ કહ્યું હતું કે દરેક મસ્જિદમાં શિવલિંગ ન શોધવું જોઈએ, પરંતુ ત્યારે અસહમતિના એવા સૂર નહોતા ઉઠ્યા, જે અત્યારે ઉઠી રહ્યા છે. તેનું કારણ કદાચ એ છે કે હાલમાં અદાલતોએ કેટલાય વિવાદિત ધાર્મિક સ્થળોના સર્વેના આદેશ આપ્યા છે. કાશી અને ધારમાં તો સર્વે થઈ પણ ગયો છે અને મથુરામાં ઈદગાહ મસ્જિદના સર્વેની માંગ કરાઈ રહી છે. સંભલમાં સર્વે દરમ્યાન હિંસા બાદથી મંદિર-મસ્જિદ સાથે જોડાયેલા કેટલાય બીજા વિવાદો સપાટી પર આવી ગયા છે. તેને જ જોતાં સુપ્રીમ કોર્ટે વિવાદિત ધાર્મિક સ્થળોના સર્વે પર કામચલાઉ રોક લગાવી દીધી છે. ખબર નહીં તેનો અંતિમ નિર્ણય શું હશે, પરંતુ એ નક્કી છે કે મંદિર-મસ્જિદ સાથે જોડાયેલા વિવાદ એવા કોઈ આદેશ-નિર્દેશથી ઉકેલાવાના નથી કે તેની સચ્ચાઈ જાણવાની જરૂર છે કે નહીં અથવા તે ૧૯૪૭વાળી સ્થિતિમાં જ જાળવી રાખવા. એવું થવાની શક્યતા એટલા માટે નથી, કારણ કે કેટલાય મુખ્ય ધાર્મિક સ્થળ તેની સાક્ષી પૂરે છે કે ત્યાં મંદિર તોડીને મસ્જિદ બનાવી દેવાઈ. પ્રશ્ન એ છે કે મંદિર-મસ્જિદ વિવાદોને કેવી રીતે ઉકેલવા? યોગ્ય એ રહેશે કે ભૂતકાળના ઘા પર મલમ લગાવવા માટે અન્ય દેશોની જેમ ટ્રુથ એન્ડ રિકન્સિલિએશન કમિશન જેવું કોઈ તંત્ર બનાવવામાં આવે. આ તંત્ર એ જોશે કે મંદિરોને તોડીને મસ્જિદો બનાવવાના દાવાઓનું સત્ય શું છે? જે પણ સત્ય હોય તેને સ્વીકૃત અને અંકિત કરવામાં આવે. એ સત્ય જાણવાનો એ મતલબ ન હોઈ શકે કે દેશભરમાં મંદિરોને તોડીને બનાવવામાં આવેલી મસ્જિદો દૂર કરી દેવાની માંગ કરવામાં આવે, કારણ કે એ પણ સમયની માંગ છે કે દેશ મંદિર-મસ્જિદ વિવાદથી આગળ વધે. સંભવતઃ મોહન ભાગવતના કહેવાનો આશય પણ આ જ છે. જોકે એ અપેક્ષા પણ યોગ્ય નહીં હોય કે હિંદુ સમાજ મથુરા જેવા ધાર્મિક સ્થળો પરથી પોતાનો દાવો ત્યારે પણ છોડી દે, જ્યારે એ સત્ય સામે આવે કે ત્યાં પહેલાં મંદિર જ હતું.

## ભારત દેશની આર્થિક તસવીર બદલનાર મનમોહનસિંહની વિદાય

ડૉ.મનમોહન સિંહે વડાપ્રધાન તરીકે ક્યારેય મીડિયાથી ખુદને બચાવવાની કોશિશ ન કરી. તેમણે કેટલીય પ્રેસ કોન્ફરન્સ કરી, જેમાં તેમની આખરી પ્રેસ કોન્ફરન્સ સૌથી યાદગાર હતી. તેમાં તેમને પૂછવામાં આવ્યું કે તેઓ વડાપ્રધાન રૂપે ખુદને કેવી રીતે આંકે છે? તેમનો કોઈ ખચકાટ વિના જવાબ હતો, ઈતિહાસ મારું યોગ્ય આકલન કરશે (ધ હિસ્ટ્રી વિલ રાઈટ્લી જજ મી), અને આજે જ્યારે મનમોહન સિંહ આપણી વચ્ચે નથી રહ્યા, તો ખરેખર ઈતિહાસે તેમને આંકવાનો સમય આવી ગયો છે. જ્યારે ઈતિહાસ તેમને આંકશે તો નિશ્ચિતપણે યાદ કરશે કે નાણાંમંત્રી તરીકે મનમોહન સિંહે ભારતની અર્થવ્યવસ્થાને ત્યારે સંકટમાંથી ઉગારી, જ્યારે તેમની પૂર્વવર્તી સરકાર દેશનું સોનું સુદ્ધાં વિદેશમાં ગિરવી મૂકી ચૂકી હતી. એમ તો આર્થિક સુધારાના જનક તત્કાલીન વડાપ્રધાન નરસિંહ રાવને જ ગણવા જોઈએ, તેમ છતાં તેને અમલમાં લાવનારા નાણાંમંત્રી મનમોહન સિંહની પણ ઉપલબ્ધિ ઓછી ન આંકી શકાય. ભારતમાં મનમોહન સિંહને લઈને લોકો જે પણ માનતા હોય, પરંતુ દુનિયા તેમને કેવા ઊંચા સ્તર પર મૂકતી હતી, તેનો અંદાજ તેમની સાથે વિદેશ યાત્રાઓ પર જવાથી મળતો હતો. વાત ૨૦૧૨ની છે. જી-૨૦ શિખર સંમેલન મેક્સિકોના લોસકાબોસ શહેરમાં હતું. તત્કાલીન વડાપ્રધાન મનમોહન સિંહની સાથે જનારા પ્રતિનિધિમંડળમાં તમામ પત્રકારો શિખર સંમેલનના સ્થળ પર પહોંચી ગયા. ત્યાં એક-એક કરીને તમામ રાષ્ટ્રાધ્યક્ષો આવતા હતા અને મંડપની બહાર પોર્ચમાં મેક્સિકોના પ્રોટોકોલ મંત્રી તેમનું સ્વાગત કરી રહ્યા હતા. આ અતિ વિશિષ્ટ રાષ્ટ્રાધ્યક્ષોમાં અમેરિકા, રશિયા, ઈંગ્લેન્ડ, જર્મની જેવા દેશોના શીર્ષ નેતા હતા. અચાનક મેક્સિકોના રાષ્ટ્રપતિ બહાર આવ્યા. બધા વિચારવા લાગ્યા કે તેઓ કોના માટે આવ્યા હશે? ત્યારે જ ચીનના રાષ્ટ્રપતિ આવ્યા અને મેક્સિકોના રાષ્ટ્રપતિ તેમને પોતાની સાથે અંદર લઈ ગયા. થોડી વારમાં જ ફરી એક વખત મેક્સિકોના રાષ્ટ્રપતિ પોર્ચમાં આવ્યા. તમામ પત્રકારોની ઉત્સુકતા વધી ગઈ. બધાની ખુશી બેવડાઈ ગઈ જ્યારે આપણા વડાપ્રધાનની તિરંગાવાળી કાર આવી અને યજમાન રાષ્ટ્રપતિએ આગળ વધીને મનમોહન સિંહનું સ્વાગત કર્યું. તેમને સસન્માન અંદર લઈ ગયા. બધાના મનમાં સવાલ હતો કે માત્ર ભારત અને ચીનના રાષ્ટ્રાધ્યક્ષોને જ આટલું સન્માન કેમ મળ્યું? તેનો જવાબ પણ જલ્દી મળી ગયો, જ્યારે બધાએ જોયું કે મંચ પર સૌથી વધારે કોઈની પ્રતિષ્ઠા હતી તો તે ભારત અને ચીનના રાષ્ટ્રાધ્યક્ષોની હતી. તેમાં પણ ડો.મનમોહન સિંહને તમામ વિશ્વ નેતાઓ ઘેરી વળ્યા હતા. બાદમાં ખબર પડી કે ત્યાં શું વાત થતી હતી, બધા વૈશ્વિક નેતાઓ મનમોહન સિંહ પાસે જાણવા માગતા હતા કે ભારતે ૨૦૦૮ની વૈશ્વિક મંદીથી પોતાને કેવી રીતે બચાવ્યું. આપણા વડાપ્રધાન ચિરપરિચિત શૈલીમાં કોઈ શિક્ષકની જેમ તેમને સમજાવી રહ્યા હતા. બ્રાઝિલના રિયો ડિ જાનેરોમાં રિયો-૨૦ પૃથ્વી સંમેલનમાં ચીનના તત્કાલીન રાષ્ટ્રપતિ સાથે વડાપ્રધાન મનમોહનની દ્વિપક્ષીય મુલાકાત હતી. મનમોહન સિંહ થોડા મોડા પહોંચ્યા અને વિલંબ માટે ખેદ વ્યક્ત કર્યો, તો ચીની રાષ્ટ્રપતિએ ઉષ્માભેર કહ્યું, દુનિયાના નામી અર્થશાસ્ત્રી વડાપ્રધાનનું સ્વાગત કરવું મારા માટે ગૌરવની વાત છે. આ એક ઉદાહરણ છે મનમોહન સિંહની વૈશ્વિક ઓળખ અને પ્રતિષ્ઠાની, પરંતુ મનમોહન સિંહને પોતાના આ સન્માનથી કોઈ ફરક નહોતો પડતો. તેમની સહજતા અને વિનમ્રતા તો એવી જ રહેતી હતી. જોકે તેમની આ સહજતાને જ કોંગ્રેસીઓ કમજોરી માનતા હતા. નાણાંમંત્રી તરીકે મનમોહન સિંહ જેટલા સહજ હતા એટલા જ સહજ વડાપ્રધાન પદે પણ રહ્યા. બેહદ વિનમ્ર અને ધીમું બોલનારા મનમોહન સિંહ પત્રકારોના સવાલોનો જવાબ બેહદ શાલીનતાથી આપતા હતા. ક્યારેક તેમને નારાજ કે અસહજ થતાં નથી જોયા. તેઓ પોતાની મારુતિ-૮૦૦ કાર ખુદ ચલાવીને આવતા. કોંગ્રેસના કેટલાય વરિષ્ઠ નેતા તેમની સહજતાને હંમેશાં તેમની કમજોરી કહેતા, કારણ કે તેઓ ક્યારેય સદનમાં સરકાર પર એ રીતે આક્રમક નહોતા રહેતા, જેની આદત સામાન્યપણે વિપક્ષી નેતાઓને હોય છે. યુપીએ સરકારના દસ વર્ષમાં સોનિયા ગાંધી અને મનમોહન સિંહ વચ્ચે ઝગડો કરાવવાની ઘણી કોશિશો થઈ.

**ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સભા સરઘસ અને ચૂંટણી પ્રવચનોમાં ખૂબ રસાકસી રહી! બંને પક્ષે એકબીજા પર ખૂબ આક્ષેપ બાજી કરી!**

# ગુડબાય ૨૦૨૪ ! આ વર્ષે રતન ટાટા, ઝાકિર હુસૈન અને ડો મનમોહનસિંહની વિદાય થઈ!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**લગભગ દરેક ભારતીયનું વર્ષોનું સ્વપ્ન સાકાર થયું! મૂળમાં ધાર્મિક માન્યતા મુજબ પ્રભુ શ્રીરામના પુત્ર કુશ એ શ્રીરામનું મંદિર બનાવ્યું હતું, અને બાદમાં મુગલોનાં મુસ્લિમ નવાબી શાસનમાં ત્યાં બાબરી મસ્જીદ બની અને, ૧૯૮૯માં વિશ્વ હિન્દુ પરિષદે વિવાદિત જમીન પર રામ મંદિરનો શિલાન્યાસ કર્યો.**

સમય કેટલો ઝડપથી આગળ વધી રહ્યો છે એનું ઉદાહરણ ૨૦૨૪ ની સાલ છે! કેટલીય ઘટનાઓ છે, જે હજી હમણાં જ ઘટી હોય એવું લાગે છે! અને એમાં પણ આખાં વિશ્વનું કોરોનાની વૈશ્વિક મંદીમાંથી બહાર આવતાં ૨૦૨૩ નું વર્ષ તો આમ જ ગયું! ત્યાં સુધી તો બધાને એમ જ હતું કે હજી કોઈ ને કોઈ પ્રકારનો વાયરસ આવશે! અને સૌને એ ઘાતક દિવસો માંથી ફરી પાછું પસાર થવું પડશે! આમ તો વ્યક્તિગતથી શરૂ કરીને રાષ્ટ્રીય સ્તરે ખૂબ બધી ઘટનાઓ ઘટી! અને સ્વાભાવિક રીતે જ કોઈ ઘટનાથી આપણે આનંદિત થયાં! અને કોઈ અકસ્માતે પ્રિયનું નિધન થયું! કેટલીય ઘટનાં એ રાજકારણમાં ઉથલ પાથલ કરી ! તો આંતર રાષ્ટ્રીય સ્તરે ઉદ્યોગનું વ્યાપારીકરણ થયું ! કેટલાંય રાષ્ટ્રોએ શાંતિ માટે હિમાયત કરી, તો કોઈએ યુદ્ધનો માર્ગ પસંદ કર્યો, તે છેક અત્યાર સુધી યુદ્ધ ચાલે છે. કેટલાંય સેલીબ્રીટી ફાની દુનિયાને અલવિદા કહીને અનંતની યાત્રાએ ચાલ્યા ગયા. એવાં ૨૦૨૪ નાં મુખ્ય ૬ સમાચાર વિષે જોઈએ. પરંતુ આવા પડકારોને પણ પડકારતાં સમય વચ્ચે ૨૦૨૪ ની શરૂઆતમાં ૨૨ જાન્યુઆરીએ જ અયોધ્યામાં રામ લલ્લાની મૂર્તિનું મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા થઈ અને ખૂબ દબાદબા પૂર્વક એ પ્રસંગ દિવ્યતાથી ઉજવાયો! લગભગ દરેક ભારતીયનું વર્ષોનું સ્વપ્ન સાકાર થયું! મૂળમાં ધાર્મિક માન્યતા મુજબ પ્રભુ શ્રીરામના પુત્ર કુશ એ શ્રીરામનું મંદિર બનાવ્યું હતું, અને બાદમાં મુગલોનાં મુસ્લિમ નવાબી શાસનમાં ત્યાં બાબરી મસ્જીદ બની અને, ૧૯૮૯માં વિશ્વ હિન્દુ પરિષદે વિવાદિત જમીન પર રામ મંદિરનો શિલાન્યાસ કર્યો અને પહેલો પથ્થર મૂક્યો.એ મંદિર મસ્જિદ ના દ્વન્દ્વ માં ૧૯૯૨ ની ૬ ડિસેમ્બરે બાબરી ધ્વંસ થઈ તે છેક ૨૦૨૪ માં રામ મંદિર બન્યું. નાગર શૈલીમાં બનેલું આ હિન્દુ મંદિર સોમપુરા કુટુંબ દ્વારા બનાવાયેલ છે. જે ૨.૭ એકર જમીનમાં ૧૧૦ મીટર લંબાઈ અને ૭૨ મીટર પહોળાઈ, ૪૯ મીટર ઉંચાઈ અને ૬ મંદિરના સંકુલ વચ્ચે મુખ્ય મંદિર છે. પછી ૧૬ માર્ચ એ ચૂંટણી જાહેર કરવામાં આવી, કે આખા દેશમાં સાત તબક્કામાં ચૂંટણી યોજાશે. ૧૯ એપ્રિલ થી ૧ જૂન સુધીમાં બધે મતદાન થશે, ગુજરાત માં ૭ મે એ મતદાન થશે એવું જાહેર કર્યું. ખૂબ બધાં રાજકીય સ્ટંટ થયાં અને અંતે રંગેચંગે આ સાત તબક્કામાંની ચૂંટણી પૂર્ણ થઈ. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સભા સરઘસ અને ચૂંટણી પ્રવચનોમાં ખૂબ રસાકસી રહી! બંને પક્ષે એકબીજા પર ખૂબ આક્ષેપ બાજી કરી! સાંસદ કક્ષાના રાજકારણીઓનો વાણી વિલાસ સાંભળીને આપણને દેશના નાગરિક હોવાને નાતે આ નેતાઓ દેશનું શું કરવાં બેઠાં છે, એ વિચારીને ખૂબ દુઃખ થાય. ભાજપ સરકાર આ વખતે અબ કી બાર ૪૦૦ કે પાર! એવાં સ્લોગન સાથે ચૂંટણીનાં મેદાનમાં આવી ઉતરી હતી. કોંગ્રેસ એ દર વખત જેમ પોતાનો કોઈ સ્પષ્ટ એજન્ડા ન્હોતો, પણ સૌથી સક્ષમ વિપક્ષ જેમ કોઈ ને કોઈ રીતે વખોડવા અને વિરોધ કરવો ભૂલો કાઢવી કે આક્ષેપ કરવાં બસ.. અન્ય પક્ષો પણ મત તોડવાની નીતિ એ ચૂંટણીમાં ઝંપલાવ્યું, અને આમ માર્ચ એપ્રિલ મે અને જૂન સુધી ચૂંટણી માહોલની ગરમી રહી. પણ આખરે ૪ જૂન એ બધાની ઈંતેજારીનો અંત આવી ગયો અને મતોની ખૂબ ખેંચતાણ થઈ પણ ભાજપ એ ત્રીજી ટર્મમાં જીત મેળવી. જોકે મોદીજી એ ધાર્યું હતું કે અયોધ્યામાં રામમંદિરની અસરથી ૪૦૦ કે પાર જીત આરામથી મેળવી શકશે! પણ પ્રજાએ એનો ભરોસો કે ભ્રમ તોડ્યો! અંતે હુક્મનું પાનું જનતા જ છે એ સાબિત થયું. લોકસભાની ૫૪૩ સીટ માટે ચૂંટણી યોજવામાં આવી હતી, એમાંથી ભારતીય જનતા પાર્ટી અત્યારે ૨૯૫ થી ૨૯૮ આસપાસ રમી રહી છે, જોકે એમાં સ્પષ્ટ બહુમતી તો ૨૪૦, આસપાસ, જ્યારે કોંગ્રેસ ૨૨૭થી ૨૨૯ અને અન્ય ૧૮ આસપાસ હતી. ઓક્ટોબર ૯ ૨૦૨૪ એ ટાટા ગ્રુપના ચેરમેન શ્રી રતન ટાટા એ ૮૬ વર્ષે વિદાય લીધી અને ભારત નહીં પૂરા વિશ્વ એ એક બહુ જ ઉમદા વ્યક્તિને ગુમાવ્યાં. ભારતીય સમાજમાં ઔદ્યોગિકરણની ક્રાંતિ લાવનાર ટાટા ગૃપ એમનાં નિધન સમયે ક્યાંની ક્યાં પહોંચી! એમણે માત્ર ઉદ્યોગ નહીં પણ સાથે સાથે સમાજ સેવા પણ કરી! અને ઉદ્યોગમાં નફા નુકસાન ન જોતાં દેશના હિતમાં દરેક નિર્ણય કર્યા. રતન ટાટાનો જન્મ ૨૮ ડિસેમ્બર ૧૯૩૭ માં બ્રિટિશ રાજ દરમિયાન મુંબઈમાં, એક પારસી જરથોસ્તી પરિવારમાં થયો હતો. તેઓ નવલ તાતાના પુત્ર હતા, જોકે ગુજરાતી ઓને પ્રાઉડ ફીલ થાય એવી વાત છે કે તેનો જન્મ સુરતમાં થયો હતો, અને બાદમાં તેમને ટાટા પરિવારમાં દત્તક લેવામાં આવ્યા હતાં, અને રતન ટાટા નામ આપવામાં આવ્યું હતું. ૧૫ ડિસેમ્બર ૨૦૨૪ એ ૭૩ ભારતના સુપ્રસિદ્ધ તબલા વાદક પંડિત ઝાકીર હુસૈન એ અમેરિકામાં સારવાર દરમિયાન નિધન થયું હતું. ઝાકિર હુસૈનનું શાસ્ત્રીય સંગીત જગતમાં બહુ જ મોટું નામ અને ભારતને વિશ્વ ફલક પર લઈ જવા માટે પણ એમનું બહુ મોટું યોગદાન! ૯ માર્ચ ૧૯૫૧એ મુંબઈમાં જન્મેલા ઝાકિર હુસૈનને ભારતના બીજા સૌથી મોટા નાગરિક પુરસ્કાર પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ, અને પદ્મ શ્રી થી સન્માનિત કરાયા હતા. ઝાકિર હુસૈનનું નામ આખી દુનિયામાં પ્રખ્યાત છે અને ભારત સહિત અનેક દેશોમાં તેમના કરોડો ચાહકો છે. આટલી બધી સિદ્ધિ મેળવી પણ સ્વભાવ સાવ સરળ! હનુમાન જયંતીમાં મહુવાને આંગણે એકવાર રુબરુ જોયેલા. ૨૬ ડિસેમ્બર ૨૦૨૪ ના રાત્રિના નવ આસપાસ ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી ડો મનમોહન સિંહ ૯૨ વર્ષે પૃથ્વીનો પ્રવાસ પૂરો કરીને ચિર વિદાય લીધી. ભારતના વડા પ્રધાનપદે ૧૦ વર્ષ જેટલા લાંબા સમય સુધી સેવા આપનારા ડો. મનમોહનસિંહ કોહલી આધુનિક ભારતની આર્થિક સમૃધ્ધિના પ્રણેતા અને દેશના ઈતિહાસમાં એક સુવર્ણ પ્રકરણના હીરો હતાં. ડૉ. મનમોહનસિંહે મિડલ ક્લાસને પણ ધનિક વર્ગ જે સગવડો ભોગવે છે એ બધી સગવડો ભોગવતો કર્યો. મનમોહનસિંહે આર્થિક ઉદારીકરણ દ્વારા કાર, કોમ્પ્યુટર્સ, ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણો વગેરે બધું સસ્તું કરી દીધું. મોબાઈલ ટેકનોલોજી અને ઈન્ટરનેટની ભારતમાં એન્ટ્રી કરાવીને રોજગારની નવી દિશા ખોલી દીધી. આજે ભારતમાં મોબાઈલ અને ઈન્ટરનેટ ટેકનોલોજી આધારિત કરોડો નોકરીઓ છે તેનો યશ ડો. મનમોહનસિંહને જાય છે. બ્રાન્ડેડ શૂઝ, મોબાઈલ, બ્રાન્ડેડ કપડાં, ઈન્ટરનેશન ફૂડ ફ્રેન્ચાઈઝી સહિતનું બધું લાવીને યંગસ્ટર્સને અહેસાસ કરાવ્યો કે, આપણે પછાત નથી. દુનિયાના બીજા વિકસિત દેશોમાં છે એ બધું ભારતમાં લાવીને મનમોહનસિંહે મિડલ ક્લાસની જીંદગી સુધારી નાંખી.

**સંસારમાંથી જે ન જાગે તેને કનૈયો મળતો નથી. ત્યારે જાગ્યો કોણ કહેવાય? જે મનથી વિષય સુખનો ત્યાગ કરી ભગવાનના નામનો જપ કરે તે**

# મનુષ્યની જેવી દૃષ્ટિ હશે તેવી તેને સૃષ્ટિ દેખાશે, દુર્યોધનને જગતમાં કોઈ સંત ન દેખાયો, ત્યારે યુધિષ્ઠિરને જગતમાં કોઈ દુર્જન ન દેખાયો



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**ભક્તિમાર્ગ કહે છે કે, સર્વનો ત્યાગ કરવો એ અઘરું છે, એના કરતાં સર્વમાં ઈશ્વર છે એમ માની સર્વ સાથે ભાગવત ભાવ રાખી સર્વ સમર્પણ કરવું, ભક્તિમાર્ગમાં સમર્પણ મુખ્ય છે, ભક્તિમાર્ગના આચાર્ય શ્રીકૃષ્ણ છે, ભગવાન શ્રીકૃષ્ણ સર્વ ઉપર પ્રેમ કરે છે, ભક્તિમાર્ગમાં સર્વ સાથે પ્રેમ કરવાનો હોય છે, ભગવાન જેવો પ્રેમ કરનાર કોઈ થયો નથી અને થવાનો નથી, એક વખત ભૃગુઋષિ વૈકુંઠમાં આવ્યા.**

આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો શ્રીમદ્ ભાગવત ગીતામાં સ્પષ્ટ કહયું છે કે આ જગતમાં સુખી થવાના બે જ માર્ગ છેઃ એક જ્ઞાન માર્ગ અને બીજો ભક્તિમાર્ગ. જ્ઞાન માર્ગ કહે છેકે,સર્વ છોડીને પરમાત્માપાછળ પડો. વૈરાગ્ય વગર જ્ઞાન મળતું નથી.જ્ઞાન માર્ગમાં વૈરાગ્ય મુખ્ય છે. જ્ઞાનમાર્ગમાં બધું છોડી દેવાનું છે. જ્ઞાની બધું છોડી દે છે અને એક ભગવાનને પકડી રાખે છે. જ્ઞાન માર્ગમાં ત્યાગ મુખ્ય છે. ભક્તિમાર્ગ કહે છે કે, સર્વનો ત્યાગ કરવો એ અઘરું છે. એના કરતાં સર્વમાં ઈશ્વર છે એમ માની સર્વ સાથે ભાગવત ભાવ રાખી સર્વ સમર્પણ કરવું. ભક્તિમાર્ગમાં સમર્પણ મુખ્ય છે. ભક્તિમાર્ગના આચાર્ય શ્રીકૃષ્ણ છે. ભગવાન શ્રીકૃષ્ણ સર્વ ઉપર પ્રેમ કરે છે. ભક્તિમાર્ગમાં સર્વ સાથે પ્રેમ કરવાનો હોય છે. ભગવાન જેવો પ્રેમ કરનાર કોઈ થયો નથી અને થવાનો નથી.એક વખત ભૃગુઋષિ વૈકુંઠમાં આવ્યા.ભગવાન સૂતેલા છે.લક્ષ્મીજી ચરણની સેવા કરે છે આને મોટો દેવ કોણ કહે? આવેલા પરીક્ષા કરવા એટલે એકદમ આવીને ભગવાનની છાતી ઉપર એમણે લાત મારી. ભૃગુઋષિ એ છાતીમાં લાત મારી તેમ છતાં છાતીમાં લાત મારનાર ઉપર પણ મારો કનૈયો પ્રેમ કરે છે તેવું માન્યું. ભગવાન કહે છે, મારી છાતી સખત અને તમારા ચરણ કોમળ.તમારાં ચરણને દુઃખ થયું હશે. જગતમાં આવો પ્રેમ કરનારો કોઈ છે? પણ માતાજીને જરા ખોટું લાગ્યું.આ કંઈ પરીક્ષા કરવાની રીત નથી. તેથી માતાજી એ બ્રાહ્મણોનો ત્યાગ કર્યો એટલે ઘણે ભાગે બ્રાહ્મણો ગરીબ હોય છે. જ્ઞાનીઓ માને છે કે, આ શરીર નો સંબંધ થયો એટલે દુઃખ આવ્યું એટલે જ્ઞાનીઓ આ શરીર સાથે પણ પ્રેમ કરતા નથી. પ્રેમ કરવો હોય તો સર્વ સાથે પ્રેમ કરો અને કોઈ સાથે પ્રેમ ન કરવો હોય તો આ શરીર ઉપર પણ પ્રેમ ન કરવો અને એક પરમાત્મા ઉપર પ્રેમ કરવો. સર્વ સાથે પ્રેમ કરો અથવા સર્વનો ત્યાગ કરો.સર્વનો ત્યાગ તમારાથી ન થઈ શકે તો સર્વમાં ઈશ્વરનો ભાવ રાખી તેની સાથે પ્રેમ કરો.સર્વમાંથી મમતાનો ત્યાગ કરો અથવા સઘળું ઈશ્વરને અર્પણ કરી સર્વ કર્મફળનો ત્યાગ કરો. દરેકમાં મમતા-મારાપણું એ સમર્પણ માર્ગ. અમુકમાં જ મમતા એ સ્વાર્થ માર્ગ. આજે આ બધાં સ્વાર્થમાર્ગી બન્યા છે. સંસારમાંથી જે ન જાગે તેને કનૈયો મળતો નથી. ત્યારે જાગ્યો કોણ કહેવાય? જે મનથી વિષય સુખનો ત્યાગ કરી ભગવાનના નામનો જપ કરે તે. તુલસીદાસજી કહે છે, જ્યારે સઘળા વિષય- વિલાસો ઉપર વૈરાગ્ય આવે, ત્યારે સમજવું કે એ જીવ જગતમાં જાગ્યો છે. કપિલમુનિ માતાને કહે છે,મા, અનાદિકાળથી આ મન સંસારમાં ભટકતું આવ્યું છે. સત્સંગથી મન સુધરે છે,વાસનાનો ત્યાગકરવાથી મન સુધરે છે. વિવેકી પુરુષો સંગ અથવા આસક્તિને આત્માનું બંધન માને છે,પરંતુ એ સંગ અથવા આસક્તિ જ્યારે સંત -મહાત્માઓ પ્રતિ થાય છે,તો મોક્ષનું દ્વાર ખુલ્લું થઈ જાય છે માટે સત્સંગ કરવો. દેવહુતિ કહે છે કે,મને જગતમાં ક્યાંય સંત દેખાતા



નથી.કપિલ ભગવાન કહે છે,મા,તું સંત થા,એટલે તને સંત મળશે. એકનાથ, તુકારામ,નરસિંહ ગૃહ સ્થાશ્રમી હતા. તેઓ ઘરમાં રહીને સંત થયેલા છે.સંતનાં લક્ષણો જીવનમાં ઉતારો તો સંત થશો. સત્સંગ વગર સુખ મળતું નથી. સંત થયા વિના સાચા સંત મળતા નથી. દૃષ્ટિ પ્રમાણે સૃષ્ટિ બને છે. હનુમાનજીની આંખ ક્રોધથી લાલ થવાથી ધોળાં ફૂલ પણ તેમને લાલ દેખાયાં હતાં. આ વાત એકનાથ મહારાજે કહી છે.તેઓ રામાયણ ના સુંદરકાંડની કથા કહી રહ્યા હતા. આ સુંદરકાંડમાં સઘળું સુંદર છે. સુંદરકાંડનું નામ સુંદર એટલા માટે રાખ્યું છે કે,હનુમાનજીને તેમાં માતાજીની પરાભક્તિનાં દર્શન થયાં છે.બ્રહ્મચર્ય અને રામનામની શક્તિ હોય,તો દરિયો આ સંસાર સાગર ઓળંગાય.હનુમાનજી જેવા હોય તો જ આ દરિયો ઓળંગી શકે. દરિયો ઓળંગી હનુમાન અશોક વનમાં આવ્યા છે.એકનાથ મહારાજે કથામાં કહ્યું કે,હનુમાન જી જ્યારે અશોકવન માં આવ્યા છે, ત્યારે ત્યાંના ફૂલ ઝાડો ઉપર ધોળાં ફૂલ ખીલી રહ્યાં હતાં.સીતાજી જયાં હોય તે અશોકવન. ભક્તિ જ્યાં હોય ત્યાં શોક ન હોય. એકનાથજીની આ કથા હનુમાનજી સાંભળવા આવેલા. તેમણે તરત પ્રગટ થઈ વિરોધ નોંધાવ્યો. મહારાજ,તમે ખોટું કહી રહ્યા છો. મેં તે વખતે અશોક વનમાં મારી સગી આંખોએ ફૂલો જોયેલાં ફૂલો ધોળાં નહીં પણ રાતાં હતાં. એકનાથ મહારાજે કહ્યું, મને જેવું દેખાય છે તેવું વર્ણન કરું છું. છેવટે ઝઘડો રામચંદ્રજી પાસે ગયો. રામજીએ કહ્યું,તમે બંને સાચા છો.ફૂલો ધોળા પરંતુ હનુમાનજીની આંખો તે વખતે ક્રોધથી લાલ થયેલી હતી એટલે એમને ફૂલો રાતાં દેખાયાં એ પણ સાચું છે. મનુષ્યની જેવી દૃષ્ટિ હશે તેવી તેને સૃષ્ટિ દેખાશે.દુર્યોધનને જગતમાં કોઈ સંત ન દેખાયો, બધા દુર્જન માલુમ પડયા.ત્યારે યુધિષ્ઠિરને જગતમાં કોઈ દુર્જન ન દેખાયો. તેને બધા સજ્જન લાગ્યા. સંતોનાં લક્ષણોમાં તિતિક્ષાને પ્રાધાન્ય આપવામાં આવેલું છે. સહન કરો તો સુખી થશો. સંતોનાં પરિત્રો વાંચો. સંતોને ખૂબ દુઃખ પડયું છે, પણ તે દુઃખોની અસર સંતોના મન ઉપર થતી નથી. એકનાથ મહારાજ પૈઠણમાં રહેતા ગોદાવરી નદી ઉપર જવાના માર્ગ ઉપર એક પઠાણ રહે. તે માર્ગથી જે હિંદુઓ સ્નાન કરીને જાય તેમને પઠાણ બહુ તંગ કરતો. એકનાથ મહારાજ પણ એ જ રસ્તેથી ગોદાવરીમાં સ્નાન કરવા જતા હતા.પઠાણમહારાજ ને પણ તંગ કરતો પણ એકનાથ જી સર્વ સહન કરે. એક દિવસ પઠાણને થયું કે,આ માણસને ગુસ્સે કરું ત્યારે ખરો! એકનાથજી મહારાજ નદીમાં સ્નાન કરીને પાછા ફરતા હતા. પેલો યવન એમના ઉપર થૂંક્યો. મહારાજ ફરીથી સ્નાન કરવા ગયા. પણ યવન ઉપર ગુસ્સે થયા નહીં. યવન ફરી થૂંકયો. મહારાજ ફરી સ્નાન કરવા ગયા. આવું ચાલ્યા જ કર્યું. મહારાજ એકસો આઠ વખત સ્નાન કરવા ગયા, ને થવન એમના પર એકસો આઠ વખત થૂંક્યો. છેવટે યવનમહારાજ ના પગે પડી કહે, આપ સંત છો. હું તમને ઓળખી શક્યો નહીં. મહારાજ કહે, એમાં ક્ષમા કરવા જેવું શું છે?તારા લીધે આજે એકસો આઠ વખત ગોદાવરીમાં સ્નાન કરવાનું પુણ્ય મને મળ્યું. શાંતિ તેની કાયમ રહે છે જે અંદર થી ઈશ્વરનું અનુસંધાન રાખે છે. ઈશ્વરથી દૂર છે તેને શાંતિ ક્યાંથી? જે ખૂબ સહન કરે છે તે સંત બને છે.અતિશય વિપત્તિમાં પણ જે ઈશ્વરનો અનુગ્રહ સમજે એ મહાન વૈષ્ણવ.બાકી દુષ્ટ લોકો કોઈનું સારું જોઈ શકતા નથી. દુષ્ટ લોકોએ તુકારામને ગધેડા ઉપર બેસાડયા ત્યારે તુકારામ પત્નીને કહે છે, મારા વિઠ્ઠલનાથે મારા માટે ગરુડ મોકલ્યું છે. તેના ઉપર બેઠો છું.આ સંત ભાવ છે. જગતમાં ખૂબ સહન કરો.જગત માં અંધારું છે એટલે પ્રકાશની કિંમત છે. તિતિક્ષા એ સંતોનું પહેલું લક્ષણ. કરુણા બીજું. સર્વ દેહધારીઓ પ્રતિ પ્રેમ પછી અજાતશત્રુપણું, શાંત સરળ ભાવ વગેરે લક્ષણો બતાવ્યાં. શાંતિની પરીક્ષા પ્રતિકૂળ તામાં થાય છે.અર્થનું-પૈસાનું અનુ સંધાન રોજ રાખો છો,પરંતુ તે સાથે પરમાત્માનું અનુસંધાન રાખશો તો પૈસા પણ મળશે અને શાંતિ પણ મળશે. આ જીવન ગાડીના ફક્ત પાટા જ બદલવાના છે. સંત પ્રભુના માટે સર્વનો ત્યાગ કરે છે. ભગવાન કહે છે કે, સંત મારા માટે સંપૂર્ણ કર્મ તથા સગાં સંબંધી ઓનો ત્યાગ કરે છે. ભગવાન કસોટી કરીને અપનાવે છે નરસિંહ મહેતાની બહુ કસોટી કરેલી. મહેતાજીએ માગ્યું, ભગવાન કળિયુગમાં આવી કસોટી કરશો નહીં.આવી કસોટી કરશો,તો કોઈ તમારી સેવા કરશે નહીં.ભગવાનની કથા સાંભળવા થી શ્રદ્ધા દૃઢ થાય છે.તે પછી ભગવાન તરફ આસક્તિ વધે છે. અને એટલે વ્યસનાત્મિકા ભક્તિ પ્રાપ્ત થાય છે. ભક્તિ વ્યસનરૂપ બને ત્યારે એને મુક્તિ સુલભ થાય છે.ભક્તિ જ્યારે વ્યસનની ઉગ્રતા જેવી બને છે ત્યારે તે ઈશ્વર પાસે લઈ જાય છે.તીવ્ર ભક્તિ વગર મુક્તિ મળતી નથી. તીવ્ર ભક્તિ એટલે વ્યસના ત્મિકા ભક્તિ. તુકારામે ભક્તની સુંદર વ્યાખ્યા આપી છે. એક ક્ષણ પણ ભગવાન થી વિભક્ત ન થાય એ ભક્ત. વ્યવહારનું કાર્ય કરતાં ભગવાનથી વિભક્ત ન થાય તેનું નામ ભક્ત.. વાચક ચાહક મિત્રો જય માતાજી સુપ્રભાત પલટાયેલા વાતાવરણથી ખેડૂતો પશુપાલકોની ચિંતા વધી છે. ૨૦૨૪નું વર્ષ અંતિમ તબક્કા છે ત્યારે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંઘની ચિર વિદાયથી દેશવાસીઓએ એક અમુલ્ય રતન ગુમાવ્યું છે આપણે હૃદય પૂર્વક શ્રદ્ધા સુમન અર્પણ કરીએ તથા પરમાત્મા સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

# સોનાક્ષીના લગ્નથી મારા પુત્રોને કલ્ચરલ શોક લાગ્યો

## ઝહીર ઈકબાલ સાથે સોનાક્ષી સિન્હાના લગ્નના નિર્ણયમાં સિન્હા પરિવાર જ તેમની સાથે સામેલ થયો નહોતો

ઝહીર ઈકબાલ સાથે સોનાક્ષી સિન્હાના લગ્નના નિર્ણયમાં સિન્હા પરિવાર સામેલ થયો નહોતો. શત્રુઘ્ન સિન્હા અને તેમના પુત્ર લવ સિન્હાના નિવેદનોથી તેમની નારાજગી સાફ દેખાતી હતી. પરંતુ પિતા તેમના દિલના ટુકડા સાથે વધુ સમય નારાજ ન રહી શક્યા. શત્રુઘ્ન સિન્હાએ લગ્નમાં તેમની લાડકવાયી સોનાક્ષી સિન્હાની ખુશી માટે હાજરી આપી હતી, પરંતુ તેમના ભાઈઓ લવ સિન્હા અને કુશ સિન્હાએ તેમની બહેનના લગ્નની દૂર કરી હતી. શત્રુઘ્ન સિન્હાએ તેમની પુત્રીના લગ્નના ૫ મહિના પછી જણાવ્યું કે તેમનો પુત્ર સોનાક્ષી સિન્હાના લગ્નમાં કેમ ન આવ્યો.સોનાક્ષી સિન્હાએ ૨૩ જૂન ૨૦૨૪ના રોજ ઝહીર ઈકબાલ સાથે લગ્ન કર્યા અને તેમના પરિવારજનોએ તેમના લગ્ન જશ્ન ધામધૂમથી મનાવ્યો. પરંતુ તેના ભાઈઓ ફંક્શનમાં જોવા મળ્યા ન હતા. લોકોને લાગ્યું કે સોનાક્ષી સિન્હાનો ભાઈ તેના લગ્નના નિર્ણયથી ખુશ નથી. શું ઝહીર ઈકબાલના કારણે ભાઈ-બહેન વચ્ચે મતભેદો ઊભા થયા હશે.સોનાક્ષીના લગ્નમાં ભાઈઓ લવ સિન્હા અને કુશ સિન્હાની ગેરહાજરી પર હવે જઈને શત્રુઘ્ન સિન્હા ચુપ્પી તોડી છે. જ્યારે



સોનાક્ષી અને ઝહીર સિવિલ મેરેજ કર્યા હતા

દિગ્ગજ એક્ટરને પૂછવામાં આવ્યું કે શું સોનાક્ષી સિન્હાના લગ્નમાં તેના પુત્રોની ગેરહાજરીની અસર તેના પર પડી છે, તો પહેલા તેણે આ વિવાદાસ્પદ બાબત પર ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. પરંતુ, તેમણે પાછળથી કહ્યું, 'મને તેના વિશે કોઈ ફરિયાદ નથી. તે પણ એક રિએક્શન હોય છે. તે પણ માણસ છે.શત્રુઘ્ન સિન્હાએ વધુમાં જણાવ્યું કે, 'બાળકોને કલ્ચરલ શૉક લાગ્યો છે. અત્યારે કદાચ તેમની અંદર એટલી મેચ્યોરિટી નથી કે આવું કોણે કહ્યું હશે. હું તેમની પીડા, મૂંઝવણ અને પરેશાનીઓને પણ સમજી શકું છું. કદાચ હું એ ઉંમરે હોત તો કદાચ મારી વિચારવાની રીત જુદી હોત. સોનાક્ષી સિન્હા અને ઝહીર ઈકબાલે ૭ વર્ષના સંબંધ બાદ ૨૩ જૂન ૨૦૨૪ના રોજ એક પ્રાઈવેટ સેરેમનીમાં લગ્ન કર્યા હતા. જો કે, તેમના ઈન્ટર રિલીજન મેરેજને ઘણી ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો. ઝહીર ઈકબાલ પર પણ લવ જેહાદનો આરોપ હતો, પરંતુ બધા પાયાવિહોણા હતા.સોનાક્ષી સિન્હાએ હવે સોશિયલ મીડિયા પર તેમના ઈન્ટર રિલીજન મેરેજની ટીકા કરનારા ટ્રોલ્સને જવાબ આપ્યો છે. એક્ટ્રેસે ફરીથી તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક પોસ્ટ શેર કરી, જે સોનાક્ષી અને ઝહીરનું વ્યંગ છે. તેણે પ્રેમને 'યુનિવર્સલ લવ' ગણાવ્યો.સોનાક્ષી સિન્હા અને ઝહીર ઈકબાલે સિવિલ મેરેજ કર્યા હતા, જેમાં ધર્મનો કોઈ રોલ નહોતો. છેલ્લા ૫ મહિનામાં તે ઘણી વખત વિદેશમાં હનીમૂન ટ્રિપ પર ગયા છે.

### સોનાક્ષીના લગ્નને લઈ વધુ એક કટાક્ષ

# ઘરનું નામ રામાયણ અને લક્ષ્મી કોઈ બીજા છીનવી લે



## નામ લીધા વગર કુમાર વિશ્વાસે શત્રુઘ્ન સિન્હાની દીકરી સાથેના લગ્ન પર કટાક્ષ

નામ લીધા વગર કુમાર વિશ્વાસે શત્રુઘ્ન સિન્હાની દીકરી સોનાક્ષી સિન્હા અને ઝહીર ઈકબાલ સાથેના લગ્ન પર કટાક્ષ કર્યો છે. તેમણે કહ્યું કે તમારા બાળકોને રામાયણ અને ગીતા શીખવો. એવું ન થવું જોઈએ કે ઘરનું નામ રામાયણ હોય અને તમારા ઘરમાંથી લક્ષ્મી કોઈ અન્ય લઈ જાય!પ્રખ્યાત કવિ કુમાર વિશ્વાસે યુપીના મેરઠમાં એક કવિતા ઉત્સવ દરમિયાન પીઢ અભિનેતા શત્રુઘ્ન સિન્હા અને તેમની પુત્રી સોનાક્ષી સિંહા વિરુદ્ધ ટિપ્પણી કરી છે. તેમણે નામ લીધા વિના કહ્યું, 'તમારા બાળકોને રામાયણ શીખવો. નહીં તો એવું બને કે તમારા ઘરનું નામ 'રામાયણ' હોય, પરંતુ તમારા ઘરમાંથી 'લક્ષ્મી' કોઈ અન્ય છીનવી લે.શત્રુઘ્ન સિન્હાના ઘરનું નામ 'રામાયણ' છે. તેમની પુત્રી સોનાક્ષી સિંહાએ આ વર્ષે બોયફ્રેન્ડ ઝહીર ઈકબાલ સાથે લગ્ન કર્યા છે. નેટીઝન્સે કહ્યું કે, કુમાર વિશ્વાસે સિંહા પરિવારના ઈન્ટર રિલિઝન મેરેજ પર કટાક્ષ કર્યો છે.કાર્યક્રમ દરમિયાન કુમાર વિશ્વાસે કહ્યું, 'તમારા બાળકોને સીતાજીની બહેનો અને ભગવાન રામના ભાઈઓના નામ યાદ કરાવો. એક સંકેત આપી રહ્યો છું. જેઓ સમજે છે તેમણે તાળીઓ પાડવી જોઈએ. તમારા બાળકોને 'રામાયણ' વંચાવો અને તેમને ગીતા સંભળાવો. નહીં તો એવું પણ બને કે તમારા ઘરનું નામ 'રામાયણ' હોય અને તમારા ઘરની શ્રી લક્ષ્મી કોઈ અન્ય લઈ જાય.આ પહેલીવાર નથી જ્યારે સોનાક્ષી સિન્હાને રામાયણ સાથેના તેના જોડાણને લઈને ટીકાઓનો સામનો કરવો પડ્યો હોય. વર્ષ ૨૦૧૯માં 'KBC' સિરિયલમાં સોનાક્ષીએ 'રામાયણ' સાથે જોડાયેલા એક સવાલનો ખોટો જવાબ આપ્યો હતા. જેના પર મુકેશ ખન્નાએ પણ તેની ટીકા કરી હતી. તેણે થોડાં દિવસ પહેલા એક ઈન્ટરવ્યુમાં આ વાતનો ઉલ્લેખ કર્યો હતો. આ પછી સોનાક્ષીએ પણ પલટવાર કર્યો. તેણે કહ્યું, 'મારા અને મારા પરિવાર પર સમાચાર બનાવવા માટે આ એક પણ ઘટના લાવવાનું બંધ કરો.'શત્રુઘ્ન સિંહા પણ તેમની પુત્રીના બચાવમાં આવ્યા હતા. તેણે કહ્યું હતું કે, આ વ્યક્તિને રામાયણના નિષ્ણાત બનવાનો શું અધિકાર છે? રામાયણ પરના પ્રશ્નનો જવાબ ન આપવાથી તે એક સારા હિંદુ બનવા માટે અયોગ્ય નથી.

### નવા વર્ષની નવી પેર

# શાહિદ કપૂર અને તૃપ્તિ ડિમરીની 'અર્જુન ઉસ્તરા'



## વિશાલ ભારદ્વાજના ડાયરેક્શનમાં બની રહેલી ફિલ્મનું શૂટિંગ ૬ જાન્યુઆરીથી શરૂ

શાહિદ કપૂર અને તૃપ્તિ ડિમરી પહેલી વખત એકસાથે વિશાલ ભારદ્વાજની ફિલ્મમાં કામ કરી રહ્યા છે. આ ફિલ્મનું શૂટિંગ ટૂંક સમયમાં શરૂ થઈ રહ્યું છે અને હવે આ ફિલ્મની રિલીઝ ડેટ પણ જાહેર થઈ ગઈ છે. સપ્ટેમ્બર ૨૦૨૪માં આ ફિલ્મની જાહેરાત થઈ હતી કે, ફરી એક વખત શાહિદ અને વિશાલ ભારદ્વાજ એકસાથે કામ કરશે. આ ફિલ્મ સાજીદ નડિયાદવાલા દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવશે. પાછળથી આ ફિલ્મની કાસ્ટમાં તૃપ્તિ ડિમરી પણ જોડાઈ હતી. અહેવાલો અનુસાર આ ફિલ્મનું નામ હાલ 'અર્જુન ઉસ્તરા' આપવવામાં આવ્યું છે. આ ફિલ્મનું શૂટિંગ ૬ જાન્યુઆરી, ૨૦૨૫થી શરૂ થશે. ફિલ્મના મેકર્સ દ્વારા આ અંગે ઓફિશીયલ જાહેરાત કરીને આ ફિલ્મની રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી છે, આ ફિલ્મ ૫ ડિસેમ્બર, ૨૦૨૫ના દિવસે રિલીઝ થશે.નડિયાદવાલા એન્ડ ગ્રાન્ડસન એન્ટરટેઈન્મેન્ટ દ્વારા આ અંગે ઓફિશીયલ જાહેરાત કરવામાં આવી છે. તેમણે ઈન્સ્ટાગ્રામ પર આ અંગે પોસ્ટ કરી હતી. જેમાં લખ્યું હતું,''સાજીદ નડિયાદવાલા રજૂ કરે છે વિશાલ ભારદ્વાજની ફિલ્મ! એક જોરદાર ફિલ્મી સફર ૬ જાન્યુઆરી, ૨૦૨૫એ શરૂ થશે. ફિલ્મ ૫ ડિસેમ્બર, ૨૦૨૫ એ રિલીઝ થશે.'' આ ફિલ્મમાં શાહિદ કપૂર અને નાના પાટેકર સિવાય રણદીપ હુડા અને નાના પાટેકર જેવા કલાકારો પણ છે. આ પોસ્ટમાં ટૅગ કરેલાં કલાકારો પરથી આ બબાતનો અંદાજ આવે છે. ત્યારે ફિલ્મ રસિકોએ આ ફિલ્મને પાવરપૅક સ્ટારકાસ્ટ ધરાવતી ફિલ્મ ગણાવી કો કોઈએ શાહિદને લાંબા સમય પછી એક ગંભીર રોલમાં જોવા અંગે ઉત્સુકતા અને આશા વ્યક્ત કરી હતી. હાલ આ ફિલ્મનું નામ હાલ 'અર્જુન ઉસ્તરા' કે પછી 'એવિલ' રાખવાનું વિચારણા હેઠળ છે. તાજેતરમાં શાહિદ કપૂરે પણ ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં શેર કર્યુ હતું કે તેણે તેણે પોતાની આગામી ફિલ્મ માટે તૈયારી શરૂ કરી દિધી છે.

# વિરોધ પ્રદર્શન કરનાર ૬ આરોપીના જામીન

## કોર્ટે પોલીસ રિમાન્ડ નામંજૂર કરી તમામને ૧૦,૦૦૦ના બોન્ડ પર જામીન પર મુક્ત

અભિનેતા અલ્લુ અર્જુનના ઘરની બહાર વિરોધ પ્રદર્શન કરવા બદલ ધરપકડ કરાયેલા આરોપીઓને જામીન મળી ગયા છે. કોર્ટે આજે તમામ આરોપીઓને જામીન આપ્યા હતા. પોલીસે અલ્લુ અર્જુનના ઘરની બહારથી ૬ લોકોની અટકાયત કરી હતી.પોલીસે તેમની સામે BNSની કલમ ૩૩૧(૫), ૧૯૦, ૧૯૧(૨), ૩૨૪(૨), ૨૯૨, ૧૨૬(૨), ૧૩૧ હેઠળ કેસ નોંધ્યો હતો. આજે તમામને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. ત્યાં કોર્ટે પોલીસ રિમાન્ડ નામંજૂર કરી તમામને ૧૦,૦૦૦ના બોન્ડ પર જામીન પર મુક્ત કર્યા હતા.અહેવાલ મુજબ, ઓસ્માનિયા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ગઈકાલે (૨૨ ડિસેમ્બર ૨૦૨૪) હૈદરાબાદના જુબિલી હિલ્સમાં અભિનેતા અલ્લુ અર્જુનના ઘરની બહાર વિરોધ કરવા પહોંચ્યા હતા. આ દરમિયાન તેઓએ અલ્લુ અર્જુન વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા અને સજાની માંગ કરી તેમજ પીડિત પરિવારને વધુ વળતરની માંગ કરી હતી.રિપોર્ટ અનુસાર, જ્યારે સુરક્ષાકર્મીઓએ



પ્રદર્શનકારીઓને રોકવાનો પ્રયાસ કર્યો તો તેઓએ અભિનેતાના ઘરની અંદર ટામેટાં ફેંક્યા અને બહારના વાસણો તોડી નાખ્યા. કોર્ટે પોલીસ રિમાન્ડ નામંજૂર કરી તમામને ૧૦,૦૦૦ના બોન્ડ પર જામીન પર મુક્ત કર્યા હતા, કેટલાક સુરક્ષાકર્મીઓ સાથે હુમલાની પણ માહિતી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે વિદ્યાર્થીઓ પુષ્પા-૨ના પ્રીમિયર દરમિયાન સંધ્યા થિયેટરમાં ફાટી નીકળેલી નાસભાગમાં મૃત્યુ પામેલ મહિલાના પરિવારને ૧ કરોડ રૂપિયાના વળતરની માંગ કરી રહ્યા હતા.

### વીડિયો થયો વારલ

# શાહિદની દીકરીને જોઈને ચાહકોએ કહ્યું માતાની કોપી

શાહિદ કપૂર ઘણી વાર પત્ની મીરા રાજપૂત સાથે જાહેર કાર્યક્રમોમાં હાજરી આપતો જોવા મળે છે. શાહિદ તેના બાળકો સાથે સમય પસાર કરવાની પણ કોઈ તક છોડતો નથી. તાજેતરમાં મીરા રાજપૂત પુત્રી મીશા સાથે એક સલૂનની બહાર જોવા મળી હતી. વીડિયોમાં મીરા રાજપૂત તેની પુત્રી મીશાને સીડીઓ ચઢવામાં મદદ કરતી જોવા મળે છે. ચાહકો મીશાના ચહેરા પર તેની માતાની ઝલક જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા હતા. શાહિદની દીકરીને જોઈને ચાહકોએ કહ્યું માતાની કોપી, શાહિદ કપૂર ઘણી વાર પત્ની મીરા રાજપૂત સાથે જાહેર કાર્યક્રમોમાં હાજરી આપતો જોવા મળે છે, શાહિદ કપૂરની દીકરી મીશા ક્યૂટ પિંક પ્રિન્ટેડ લેગિંગ્સ અને ટોપમાં જોવા મળી રહી છે, તેણે ડેનિમ જેકેટ પહેર્યુ છે સાથે ગુલાબી રંગનું બેકપેક કેરી કર્યુ હતું. આ વીડિયો જોયા બાદ ચાહકોએ પ્રતિક્રિયા આપી છે. એક યુઝરે લખ્યું હતું કે મા-દીકરીની સુંદર જોડી તો બીજા યુઝરે લખ્યું હતું કે મીશા માતા પર ગઈ છે. ઘણા ચાહકોએ હાર્ટની ઈમોજી સાથે ટિપ્પણીઓ કરી હતી. અગાઉ, મીરા રાજપૂતે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર મિત્રો સાથે બોર્ડ ગેમ રમતી તેની આઠ વર્ષની પુત્રી મીરાની ઝલક ગણાવી હતી.

# તૃપ્તિ ડિમરી રિલેશનશિપમાં હોવાનું કન્ફર્મ

'એનિમલ' મૂવી કર્યા બાદ તૃપ્તિ ડિમરીના કારકિર્દીનો ગ્રાફ ઊંચો પહોંચ્યો છે. હાલમાં તે આ દિવસોમાં ઈંગ્લેન્ડના કોટ્સવોલ્ડ્સમાં વેકેશન એન્જોય કરી રહી છે. કહેવામાં આવી રહ્યું છે કે, તે પોતાના રૂમર્ડ બોયફ્રેન્ડ સેમ મર્ચન્ટ સાથે છે, જેની હિન્ટ લેટેસ્ટ તસવીરોમાં જોવા



મળે છે.તૃપ્તિ ડિમરીએ તેના ઈન્સ્ટાગ્રામના સ્ટોરીમાં તેના ઈંગ્લેન્ડ વેકેશનની મનમોહક તસવીર પોસ્ટ કરી છે. જો કે એક્ટ્રેસે તેના રૂમર્ડ બોયફ્રેન્ડ સેમ મર્ચન્ટ સાથે કોઈ તસવીર પોસ્ટ કરી નથી. એક્ટ્રેસે પોસ્ટ કરેલા એક વીડિયોમાં તે 'કોલ્ડ'માં જોઈ શકાય છે. આમાં તેજ પવનને કારણે તેના વાળ ઉડી રહ્યા છે. 'બુલબુલ' અને 'કલા'માં જબરદસ્ત એક્ટિંગ કરનાર એક્ટ્રેસ ગયા વર્ષે રણબીર કપૂર સ્ટારર 'એનિમલ' સાથે પોપ્યુલારિટી મેળવી હતી. તેણે એક અદ્ભુત બૂમરેંગ વીડિયોથી તેની શરૂઆત કરી હતી. તેણે એક સુંદર રોશનીથી જગમગાટ ક્રિસમસ ટ્રીની તસવીર શેર કરી, જેમાં તે વેકેશન એન્જોય કરી રહી છે. એક્ટ્રેસે બિઝી સ્ટ્રીટની એક તસવીર પણ શેર કરી, જેમાં તે ઉત્સવના માહોલમાં ડૂબેલી જોવા મળી હતી. સેમ મર્ચન્ટે પણ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર આવા જ પળો લોકો સાથે શેર કર્યા છે, જેનાથી સાફ દેખાય આવે છે કે, તેઓ એકસાથે આઉટિંગનો આનંદ માણી રહ્યા હતા. તેણે ખૂબસૂરત સ્ટ્રીટના ફોટો પોસ્ટ કર્યા છે, ત્યારબાદ તેના મિત્રો ક્રિસમસની ધૂન પર ડાન્સ કરતા હોય તેવી ક્લિપ પણ પોસ્ટ કરી હતી.



# 'પુષ્પા ૨'ની વાઈલ્ડ ફાયરનો મુકાબલો કરવા 'બેબી જોહ્ન'ની ટીમ પણ તૈયાર

## આ ફિલ્મમાં વરુણ ધવન સાથે વામિકા ગબ્બી અને કીર્થી સુરેશ પણ મહત્વના રોલમાં

એક તરફ 'પુષ્પા ૨' હાલ સમગ્ર દેશમાં છવાયેલી છે, રિલીઝના ત્રણ અઠવાડિયે પણ ફિલ્મ સ્થિર ગતિએ આગળ વધી રહી છે અને કમાણીના નવા નવા રેકોર્ડ તોડી રહી છે, ત્યારે કોઈ પણ ફિલ્મ મેકર પોતાની ફિલ્મ રિલીઝ કરતાં પહેલાં વિચાર કરે. ત્યારે હવે એટલી પોતાની ફિલ્મ 'બૅબી જોહ્ન' રિલીઝ કરવાની તૈયારી કરી રહ્યો છે. વરુણ ધવનની આ એક્શન ફિલ્મ ક્રિસમસ વખતે રિલીઝ થઈ રહી છે. જોકે, 'પુષ્પા ૨' હજુ પણ બોક્સ ઓફિસ પર જામેલી હોવાથી 'બૅબી જોહ્ને' તેની સાથે ટક્કર લેવી પડશે. 'પુષ્પા ૨' ૫ ડિસેમ્બરે રિલીઝ થઈ હતી અને



અત્યાર સુધીમાં લગભગ ૧૪૦૦ કરોડની કમાણી કરી ચૂકી છે. છતાં એટલીને વિશ્વાસ છે કે એની ફિલ્મ સારી જ ચાલશે.તાજેતરમાં તેની ફિલ્મના પ્રમોશન માટે મુંબઈ ખાતે એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન થયું હતું, જેમાં એટલીએ તેને પોતાની ફિલ્મ રિલીઝ કરવાનો ડર નથી. એ બાબતે સ્પષ્ટતા કરી હતી. તેણે કહ્યું,''આ તો સહજ છે. હું અને અલ્લુ અર્જુન સર બહુ સારા મિત્રો છીએ. અમારી ફિલ્મ એમની ફિલ્મ પછી ચાર અઠવાડિયે રિલીઝ કરી રહ્યાં છીએ. તેથી આ કોઈ ટક્કર ન થઈ કહેવાય. તેથી કોઈ સમસ્યા છે જ નહીં. અમને ખબર છે કે પુષ્પા ઓગસ્ટના બદલે ડિસેમ્બરમાં રિલીઝ થઈ છે અને અમે અમારી રિલીઝ ક્રિસમસ વખતે પ્લાન કરી હતી. અમે બધાં જ પ્રોફેશનલ છીએ અને બધી પરિસ્થિતિ સાથે કામ લેવાનું જાણીએ છીએ.'' આગળ એટલીએ કહ્યું, ''અલ્લુ અર્જુન સરે મને મારી ફિલ્મ માટે શુભેચ્છાઓ પાઠવી હતી અને વરુણ સાથે પણ વાત કરી હતી. આ તંત્રમાં સારી મિત્રતા અને સહજ પ્રેમભાવ છે.''આ ફિલ્મમાં વરુણ ધવન સાથે વામિકા ગબ્બી અને કીર્થી સુરેશ પણ મહત્વના રોલમાં છે. તેમજ સલમાન ખાન પણ મહેમાન કલાકાર તરીકે જોવા મળશે.

# ફિલ્મને હિટ સાબિત કરવા બોક્સ ઓફિસના ખોટા આંકડા કહેતાં લોકોથી ચોપરા નારાજ

## 'ઝીરો સે સ્ટાર્ટ' જોવા બહુ ઓછા લોકો ગયા તેવું કહેવામાં વિધુ વિનોદ ચોપરાને વાંધો નથી

વિધુ વિનોદ ચોપરાની ફિલ્મ '૧૨વીં ફેઈલ' એવી ફિલ્મ હતી, જેની હજુ પણ ચર્ચા થાય છે. હવે તેમણે એક નવી ફિલ્મ રિલીઝ કરી છે, 'ઝીરો સે રિસ્ટાર્ટ'. આ ફિલ્મ થિએટરમાં રિલીઝ થઈ હોવા છતાં તેને ખાસ પ્રતિસાદ મળ્યો નથી કે કોઈના ધ્યાનમાં પણ આવી નથી. ચોપરાને તેમની ફિલ્મ નિષ્ફળ ગઈ છે, તેવું સ્વીકારવામાં કોઈ વાંધો નથી. પરંતુ તેમને પોતાની બોક્સ ઓફિસનાં આંકડાઓ અંગે ખોટું બોલતાં લોકો સાથે ગંભીર વાંધો છે. 'ઝીરો સે સ્ટાર્ટ' જોવા બહુ ઓછા લોકો ગયા તેવું કહેવામાં વિધુ વિનોદ ચોપરાને વાંધો નથી. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં તેમણે ખોટા આંકડાઓ જાહેર કરવાની ઈન્ડસ્ટ્રીના લોકોની આદતની ટીકા કરી છે. તેમણે જણાવ્યું,''આજકાલ માર્કેટિંગમાં બધું જ જૂઠાણું હોય છે. હું મારી જાતને બધાં જ કચરાથી બચાવવા માગું છું : વિધુ, એ લોકો ઈન્ફ્લ્યુએન્સર્સને પોતે જે ઈચ્છે તે બોલાવવાના પૈસા આપે છે. બધું જ ખોટું. પછી એમના શો ખાલી જતા હોય છે, એટલે લોકો જાતે જ પોતાની જ ટિકિટ ખરીદે પછી બોક્સ ઓફિસની કમાણીઓ વિશે ખોટી વાતો કરે છે. હું ખરેખર કબૂલ કરવા માગું છું કે, મારી ફિલ્મ હમણા રિલીઝ થઈ છે અને બહુ ઓછા લોકો જોવા આવ્યાં છે. '' વિધુ વિનોદ ચોપરાએ આગળ જણાવ્યું,''મારી દિકરી સ્ટેનફર્ડમાં ભણે છે. હું સવારે ઉઠ્યો



હું મારી જાતને બધાં જ કચરાથી બચાવવા માગું છું, આપણે બધાં જ શુદ્ધ જન્મ્યા હોઇએ છીએ મારે એ ટાળવું છે

અને એક ગીત ગાતો હતો. મેં એને કોલ કર્યો અને કહ્યું, ''ફિલ્મ જોવા માટે કોઈ ગયું જ નહીં.'' એણે કહ્યું, ''તમે,હું તમારી દયા ખાઉં એવું ઈચ્છો છો કે પછી તમે જે કહો છો એમાંથી પ્રેરણા લઉં?'' મેં કહ્યું,''હું ઈચ્છું છું કે તું પ્રેરણા લે.''વિધુએ કહ્યું,''હું બહુ બહાર જતો નથી. હું એવોર્ડ લેવા પણ જતો નથી. હું મારી જાતને બધાં જ કચરાથી બચાવવા માગું છું. આપણે બધાં જ શુદ્ધ જન્મ્યા હોઈએ છીએ અને સમયાંતરે, સમય સાથે, આપણે અશુદ્ધ થઈ જઈએ છીએ. મારે એ ટાળવું છે.''

## મંત્રાલયે જુલાઈ ૨૦૨૪માં 'લોક સંવર્ધન પર્વ'નું આયોજન કર્યું હતું

# જેમાં સમગ્ર ભારતમાંથી લઘુમતી કારીગરોની સ્વદેશી કલા, હસ્તકલા અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો દર્શાવવામાં આવ્યો હતો

। (પીઆઈબી) નવી દિલ્હી, તા.૨૮ ।

લઘુમતી બાબતોના મંત્રાલયની સ્થાપના ૨૦૦૬માં સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયથી અલગ કરીને કરવામાં આવી હતી, કે જેથી લઘુમતીઓને લગતા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી શકાય. મંત્રાલયના કાર્યક્ષેત્રમાં આ સમુદાયો માટે નીતિ ઘડતર, સંકલન, મૂલ્યાંકન અને વિકાસ કાર્યક્રમોની દેખરેખનો સમાવેશ થાય છે. લઘુમતી અધિકારોનું વધુ રક્ષણ કરવા માટે, કેન્દ્ર સરકારે નેશનલ કમિશન ફોર માઈનોરિટી એક્ટ, ૧૯૯૨ હેઠળ નેશનલ કમિશન ફોર માઈનોરિટીઝ (એનસીએમ) સ્થાપના કરી. પાંચ ધાર્મિક સમુદાયો - બૌદ્ધ, ખ્રિસ્તી, મુસ્લિમ, પારસી અને શીખોને શરૂઆતમાં લઘુમતી તરીકે સૂચિત કરવામાં આવ્યા હતા, અને ૨૦૧૪માં જૈનોનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.

વર્ષ ૨૦૨૪ દરમિયાન લઘુમતી બાબતોના મંત્રાલયની મુખ્ય સિદ્ધિઓ નીચે મુજબ છે:

પીએમ વિકાસ યોજના લોક સંવર્ધન પર્વ

પોતાની ૧૦૦-દિવસીય કાર્ય યોજનાના ભાગ રૂપે, લઘુમતી બાબતોના મંત્રાલયે ૧૬મીથી ૩૧મી જુલાઈ ૨૦૨૪ દરમિયાન દિલ્હી હાટ, INA, નવી દિલ્હી ખાતે 'લોક સંવર્ધન પર્વ'નું આયોજન કર્યું હતું, જેમાં સમગ્ર ભારતમાંથી લઘુમતી કારીગરોને એકસાથે લાવ્યા હતા. મંચે કારીગરોને તેમની સ્વદેશી કળા, હસ્તકલા અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો પ્રદર્શિત કરવાની અનન્ય તક આપી. આ ઈવેન્ટ માત્ર લઘુમતી સમુદાયોની પરંપરાઓને પ્રોત્સાહન આપવા માટે જ નહીં પરંતુ નવીન અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે પણ ડિઝાઈન કરવામાં આવી હતી.

પ્રોત્સાહન આપવા માટે આ કાર્યક્રમ ડિઝાઈન કરાયો હતો. માર્કેટિંગ, નિકાસ અને ઓનલાઈન બિઝનેસ, ડિઝાઈન, GST અને વેચાણ વગેરે જેવા ક્ષેત્રોમાં તેમની કૌશલ્ય વધારવા માટે, તેમની પ્રતિભાને સશક્ત બનાવવા માટે એક સર્વગ્રાહી અભિગમ સુનિશ્ચિત કરીને, નિકાસ પ્રમોશન કાઉન્સિલ ફોર હેન્ડીક્રાફ્ટ (EPCH) ના સમર્થન સાથે મંત્રાલય દ્વારા દૈનિક વર્કશોપ યોજવામાં આવ્યું હતું. મંત્રાલયના અગ્રણી જ્ઞાન ભાગીદારો જેમ કે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફેશન ટેક્નોલૉજી (NIFT) અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન (NID) એ પણ ભાગ લીધો હતો અને મંત્રાલયની વિવિધ યોજનાઓ હેઠળ તેમના દ્વારા સમર્થિત કારીગરો અને તેમની હસ્તકલાનું પ્રદર્શન કર્યું હતું.

પર્વમાં વિવિધ લઘુમતી સમુદાયોના ૧૬૨ કારીગરો દ્વારા બનાવવામાં આવેલા વિવિધ રાજ્યોમાં થી ૭૦થી વધુ ઉત્કૃષ્ટ હસ્તકલા અને હેન્ડલૂમ ઉત્પાદનોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

ઉદ્દ્ઘાટન કાર્યક્રમ દરમિયાન મંત્રાલયની નોંધપાત્ર સિદ્ધિઓનો પ્રચાર કરવામાં આવ્યો હતો જેમાં કોફી ટેબલ બુક બહાર પાડવી અને NMDF-Cની ક્રેડિટ પ્લાન પણ બહાર પાડવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન, લાભાર્થીઓને લોન મંજૂર પત્રો અને પ્રશસ્તિ મેડલ અર્પણ કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન સિંધી છમ (લાયન ડાન્સ), મણિપુરી ડાન્સ, ભાંગડા અને અન્યના પ્રદર્શન દ્વારા વિવિધ સમુદાયોનો સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો પ્રદર્શિત કરવામાં આવ્યો હતો, જેમણે માત્ર મનોરંજન જ નહીં પરંતુ ભારતની વિવિધ સાંસ્કૃતિક ટેપેસ્ટ્રી વિશે પ્રેક્ષકોને શિક્ષિત પણ કર્યા હતા.

ઈવેન્ટ દરમિયાન હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણ મુજબ, ૭૮% ઉત્તરદાતાઓએ પર્વમાં સકારાત્મક અથવા ઉત્તમ અનુભવ હોવાનું જણાવ્યું હતું, જ્યારે આશરે ૯૭% એ મંત્રાલય દ્વારા આયોજિત ભવિષ્યના કાર્યક્રમોમાં ભાગ લેવા માટે તેમની રુચિ દર્શાવી હતી.

રાષ્ટ્રીય લઘુમતી વિકાસ અને નાણાં નિગમ (NMDFC)

નેશનલ માઈનોરિટી ડેવલપમેન્ટ એન્ડ ફાઈનાન્સ કોર્પોરેશન (એનએમડીએફસી) એ ભારત સરકારના લઘુમતી બાબતોના મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળના કંપની એક્ટ ૨૦૧૩ની કલમ ૮ હેઠળ એક સરકારી નિગમ છે. કોર્પોરેશનની સ્થાપના સંબંધિત રાજ્ય સરકારો /કેન્દ્રશાસિત પ્રદેશ પ્રશાસન અને કેનેરા બેંક દ્વારા નામાંકિત સ્ટેટ ચેનલાઈઝિંગ એજન્સીઓ (SCAs) દ્વારા લઘુમતી સમુદાયોમાં પછાત વિભાગોના સામાજિક-આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવી છે, જેમાં વ્યવસાયિક જૂથ અને મહિલાઓને પ્રાધાન્ય આપવામાં આવે છે. તાજેતરમાં યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, ઈન્ડિયન બેંક અને પંજાબ ગ્રામીણ બેંકે પણ NMDFC યોજનાઓના અમલીકરણ માટે પુનર્ધિરાણ મોડ પર એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે.

નાણાકીય વર્ષ દરમિયાન ૨૦૨૩-૨૪, NMD-FC એ ૧.૮૪ લાખથી વધુ લાભાર્થીઓને કવર કરતા રૂ. ૭૬૫.૪૫ કરોડ વધુનું વિતરણ કર્યું. આ ઉપરાંત સ્થાપના બાદથી NMDFC એ રૂ.૨૪.૮૪ લાખથી વધુ લાભાર્થીઓને કવર કરતા ૯,૨૨૮.૧૯ કરોડ રૂપિયાથી વધુનું વિતરણ કર્યું છે, જેમાંથી ૮૫%થી વધુ લાભાર્થી મહિલાઓ છે.

NMDFC એ અરજદારો, SCAs અને NMD-FC વચ્ચે લોન એકાઉન્ટિંગ પ્રક્રિયાઓને ડિજિટાઇઝ કરવા માટે મિલન (NMDFC માટે લઘુમતી લોન એકાઉન્ટિંગ સૉફ્ટવેર) એપ્લિકેશન શરૂ કરી છે, જેમાં એનએમડીએપસીના એમઆઈએસ પોર્ટલનું એકીરણ પણ સામેલ છે, જેના પર ૧૪.૫૭ લાખ લાભાર્થીઓનો ડેટા ઉપલબ્ધ છે. MILAN મોબાઈલ એપનું એન્ડ્રોઈડ અને આઈઓએસ વર્ઝન પણ લોન્ચ કરવામાં આવ્યું છે.

હજ યાત્રા ૨૦૨૪

ભારત સરકારે સાઉદી આરબના લોકો અને સામ્રાજ્યના સક્રિય સમર્થન અને સહકાર સાથે છેલ્લાં કેટલાંક વર્ષોથી તીર્થયાત્રા વ્યવસ્થાપનની એક મજબૂત, અસરકારક અને કાર્યક્ષમ પ્રણાલી વિકસાવી છે. હજ ૨૦૨૪ દરમિયાન, લઘુમતી બાબતોના મંત્રાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, વિદેશ મંત્રાલય અને નાગરિક ઉડ્ડયન મંત્રાલય, હજ કમિટી ઓફ ઈન્ડિયા અને અન્ય હિસ્સેદારોએ કામગીરીની સફળતા સુનિશ્ચિત કરવા માટે એકીકૃત રીતે સહયોગ કર્યો હતો.

હજ ૨૦૨૪ની હાઈલાઈટ્સ નીચે મુજબ છે:

(a) તીર્થયાત્રાના અનુભવને વધારવા માટે માહિતી ટેકનોલોજીનો લાભ લેવા માટે 'હજ સુવિધા એપ' લોન્ચ કરવામાં આવી હતી. એપ ડેપ્યુટેશનિસ્ટ અને ખાદિમ-ઉલ-હુજ્જાજ માટે વહીવટી ઈન્ટરફેસ પ્રદાન કરે છે, રીઅલ-ટાઇમ મોનિટરિંગ અને કટોકટી પ્રતિસાદમાં સહાય કરે છે અને વધુ સારી સંકલન અને જવાબદારી સુનિશ્ચિત કરે છે.

યાત્રાળુઓ તાલીમ સામગ્રી આવાસ અને ફ્લાઈટની વિગતો, સામાનની માહિતી, ઈમરજન્સી હેલ્પલાઈન (SOS), ફરિયાદ નિવારણ, પ્રતિસાદ, ભાષા અનુવાદ અને તીર્થયાત્રાને લગતી પરચુરણ માહિતીને ઍક્સેસ કરવા માટે એપ્લિકેશનનો ઉપયોગ કરી શકે છે.આ વર્ષે ૯,૦૦૦થી વધુ ફરિયાદો અને ૨,૦૦૦થી વધુ SOS કેસોનું નિરાકરણ કરવામાં આવ્યું છે.

(b) ૪,૫૫૭થી વધુ મહિલા યાત્રાળુઓએ, મેહરમ વગર (લેડીઝ વિધાઉટ મેહરમ) તીર્થયાત્રા કરી, જે અત્યાર સુધીની સૌથી વધુ સંખ્યા છે.

(c) ૨૬૪ એડમિન ડેપ્યુટેશનિસ્ટ, ૩૫૬ મેડિકલ ડેપ્યુટેશનિસ્ટ, ૧૫૦૦ મોસમી સ્ટાફ અને ૬૪૧ ખાદિમ-ઉલ-હુજ્જાજને યાત્રાળુઓની સેવા માટે તૈનાત કરવામાં આવ્યા હતા. ભારતીય યાત્રાળુઓના એકંદર હજ અનુભવને સુધારવા માટે KuH અને ડેપ્યુટેશનિસ્ટની સંખ્યામાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે.

(d) હજ ગ્રૂપના ૫૬૪ આયોજકો દ્વારા પણ યાત્રાળુઓની સેવા કરવામાં આવી હતી.

(e) તબીબી મિશન ખાસ કરીને પ્રભાવશાળી રહ્યું છે, જેમાં ૩,૭૪,૬૧૩ કેસોની સારવાર કરવામાં આવી છે, ૩,૫૧,૪૭૩ કેસોનું સંચાલન કરવામાં આવ્યું છે, અને ૧૯,૯૬૨ મોબાઈલ મુલાકાતો હાથ ધરવામાં આવી છે. વધુમાં, ૩,૧૭૮ યાત્રાળુઓને સારવાર દરમિયાનની સંભાળ પૂરી પાડવામાં આવી હતી.

## ઝાલોદ સ્વામિનારાયણ મંદિરે SMVS સંપ્રદાયના પૂજ્ય સંત સત્ય સંકલ્પદાસ સ્વામીજીની "હેપ્પી ફેમિલી" સત્સંગ સભા યોજાઈ

### પૂજ્ય ગુરુદેવના સ્વાગતમા નગરના યુવાઓ દ્વારા બાઇક રેલી યોજી નગરમાં આગમન કરાવ્યું









તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૮ ।

ઝાલોદ નગરમાં આજ રોજ ૨૮-૧૨-૨૦૨૪ રવિવારના રોજ SMVS ના વડા ગુરુવર્ય પરમ પૂજ્ય સ્વામી સત્ય સંકલ્પદાસ સ્વામીજીની ભવ્ય સત્સંગ સભા મુવાડા સ્વામિનારાયણ મંદિર ખાતે યોજાઈ હતી. સ્વામી સત્ય સંકલ્પદાસજી ની દિવ્ય વાણી થકી દેશ વિદેશમાં વસતા અનેક લોકોના જીવન પરિવર્તન થયા છે તેમજ સુખી થયા છે. આવા દિવ્ય મહાપુરુષની દિવ્ય અમૃત વાણીનો લ્હાવો લેવા હજારોની સંખ્યામાં ભક્તો પધાર્યા હતા.

સહુ પ્રથમ આસરે સવારે ૯ વાગે પરમ પૂજ્ય સ્વામીજીને આવકારવા નગરના લોકો બાઈક લઈ સુખસર રોડ પર આવેલ નગરના પ્રવેશ દ્વાર પર પહોંચ્યા હતા ત્યાં સ્વામીજીનું ફૂલહાર થી સ્વાગત કરી સ્વામિનારાયણની ધૂન સાથે બાઈક રેલી સ્વામિનારાયણ મંદિર સુધી કાઢવામાં આવી હતી. સ્વામિનારાયણ મંદિરે ઉપસ્થિત સહુ ભક્તોએ વંદનીય સ્વામી મહારાજને ફૂલો થી સ્વાગત કરી વધાવી લીધા હતા. વંદનીય પરમ પૂજ્ય સ્વામી સંકલ્પદાસ સ્વામીજી દ્વારા ત્યારબાદ એક સત્સંગ સભા યોજવામાં આવી હતી.

પૂજ્ય સ્વામીજી દ્વારા આજની સત્સંગ સભાનું સૂત્ર "હેપ્પી ફેમિલી" આપ્યું હતું. પરમ વંદનીય ગુરુજી દ્વારા આશીર્વચન આપ તા કહ્યું કે આ સંપૂર્ણ જગતને જો જીતવું હોય તો એક બીજા સાથે બોલવામાં મીઠી વાણીનો ઉપયોગ કરો, આ જગતમાં કોઈએ કઈ બનવું હોય તો સૂઈદોરા જેવું બનવું કાતર જેવું નહીં. આપણે સહુ ખોટા વચન અને ખોટી વાણી બોલી ગમે તેટલા મોટા બંગલામાં રહો તો ત્યાં સ્વામિનારાયણ ભગવાન રાજી ન થાય ત્યાં તમે સોનાના ઝૂલામા રાખશો તો પણ રાજી નહી થાય પણ મીઠી વાણી થકી સહુ સાથે હળીમળીને રહેશો, ગામ, પરિવાર, મિત્રો સહુ મીઠી વાણી થકી સાથે રહેશો તો તેમાં ભગવાનનો રાજીપો છલકાશે. જે પરિવારો વેરઝેર બાંધી અલગ અલગ રહે તો તે પરિવારો દુખી અને દવાખાના ભોગવે છે પણ જો તેઓ સંપીને રાજીપો થઈ રહે તો તે પરિવારનો મોભો વધે તેમજ તે પરિવારનો વિકાસ પણ થાય. ઘર પરિવારમા અણબનાવ ને લઈ કેટલાય પરિવારો તૂટયા છે, વિખૂટા પડ્યા છે આપણે સહુએ ૧ ૧ બે નહીં ૧૧ થઈ જીવન જીવવાનું છે. ઘર પરિવાર કે મિત્ર વર્તુળમાં રફ્હા એં, જીંઅિ જેવા શબ્દોનો ઉપયોગ કરી ઘર પરિવારનું વાતાવરણ હળવું બનાવીએ, વાણી ને મીઠી રાખશો તો ભગવાન રાજી થશે.પરિવારમાં સુખ શાંતિ જાળવવા માટે સહુ સાથે હળીમળીને વિવાદ ટાળતા રહો અને ચહેરા પર સ્માઈલ રાખો. ઉચ્ચ, સુંદર અને નિરોગી જીવન જીવવા માટે સહુ સાથે નાની નાની વાતે માફી માંગતા રહો, જીવનમાં પરિવારમાં કે મિત્રોમાં લડાઈ ઝઘડાની જૂની ગાંઠો બાંધેલી હોય તો તે છોડજો. આજના આપસી મતભેદ અને ઝગડાને લઈ દરેક પરિવારો તણાવ અને ડિપ્રેશનમા જીવે છે જીવનમાં થયેલી દરેક ભૂલોનું સમાધાન મીઠી વાણી થકી માફી માંગી લેવી તે છે. છેલ્લે સંત સ્વામીજીના આશીર્વાદ તેમજ મહાપ્રસાદીનો લ્હાવો ઉપસ્થિત સહુ ભક્તોએ લીધો હતો.

# ભારતીય સેનાની ટુકડી ભારત-નેપાળ સંયુક્ત લશ્કરી કવાયત સૂર્ય કિરણ માટે રવાના



। (પીઆઈબી) નવી દિલ્હી, તા.૨૮ ।

ભારતીય સેનાની ૩૩૪ જવાનોની બનેલી ટુકડી આજે બટાલિયન સ્તરની સંયુક્ત સૈન્ય કવાયત સૂર્ય કિરણની ૧૮મી આવૃત્તિમાં ભાગ લેવા માટે નેપાળ જવા રવાના થઈ હતી. આ કવાયત ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ થી ૧૩ જાન્યુઆરી ૨૦૨૫ સુધી નેપાળના સલઝંડી ખાતે હાથ ધરવામાં આવશે. આ એક વાર્ષિક તાલીમ કાર્યક્રમ છે જે બંને દેશોમાં વૈકલ્પિક રીતે આયોજિત કરવામાં આવે છે.

ભારતીય સેનાની ટુકડીનું નેતૃત્વ ૧૧મી ગોરખા રાઈફલ્સની બટાલિયન દ્વારા કરવામાં આવી રહ્યું છે. નેપાળ આર્મી ટુકડીનું પ્રતિનિધિત્વ શ્રીજંગ બટાલિયન કરશે. સૂર્ય કિરણ અભ્યાસનો ઉદ્દેશ્ય સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર હેઠળ જંગલ યુદ્ધ, પર્વતોમાં આતંકવાદ વિરોધી કામગીરી અને માનવતાવાદી સહાય અને આપત્તિ રાહતમાં આંતરપ્રક્રિયાને વધારવાનો છે. આ કવાયત ઓપરેશનલ સજ્જતા, ઉડ્ડયન પાસાઓ, તબીબી તાલીમ અને પર્યાવરણ સંરક્ષણ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ પ્રવૃત્તિઓ દ્વારા, સૈનિકો તેમની ઓપરેશનલ ક્ષમતાઓને વધારશે, તેમની લડાઈ કુશળતાને સુધારશે અને પડકારજનક પરિસ્થિતિઓમાં સાથે મળીને કામ કરવા માટે તેમના સંકલનને મજબૂત બનાવશે. કવાયત સૂર્ય કિરણની આ આવૃત્તિ નેપાળની આર્મી સ્ટાફના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીની સફળ મુલાકાતો અને નેપાળી આર્મીના ચીફ ઓફ આર્મી સ્ટાફ જનરલ અશોક રાજ સિગડેલની ભારતની મુલાકાત બાદ આયોજિત કરાઈ છે.

આ કવાયત ભારત અને નેપાળના સૈનિકોને વિચારો અને અનુભવોનું આદાન-પ્રદાન કરવા, શ્રેષ્ઠ પ્રથાઓને શેર કરવા અને એકબીજાની ઓપરેશનલ પ્રક્રિયાઓની ઊંડી સમજણને પ્રોત્સાહન આપવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડશે. અભ્યાસ સૂર્ય કિરણ ભારત અને નેપાળ વચ્ચે અસ્તિત્વમાં રહેલા મિત્રતા, વિશ્વાસ, સામાન્ય સાંસ્કૃતિક જોડાણોના મજબૂત બંધનો દર્શાવે છે. આ એક ઉત્પાદક અને વ્યાવસાયિક જોડાણ માટે મંચ સુયોજિત કરે છે, જે વ્યાપક સંરક્ષણ સહયોગ તરફ બંને દેશોની અતૂટ પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ કવાયત સહિયારા સુરક્ષા હેતુઓને પણ હાંસલ કરશે અને બે મૈત્રીપૂર્ણ પાડોશીઓ વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને પ્રોત્સાહન આપશે.

## તા.૧૦ જાન્યુઆરી થી ૨૦ જાન્યુઆરી સુધી "કરૂણા અભિયાન" યોજાશે

# ઉત્તરાયણ પર્વ દરમ્યાન પશુ-પક્ષીની લેવાની થતી કાળજી બાબતે પ્રજા જોગ સંદેશ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૮ ।

પક્ષીઓને મુક્ત ગગનમાં ઉડવાનો અને જીવવાનો અધિકાર છે તેથી તા.૧૦ જાન્યુઆરી થી તા.૨૦ જાન્યુઆરી સુધી રાજ્યના સમગ્ર વિસ્તારને આવરી લઈ "કરૂણા અભિયાન" કાર્યક્રમનું આયોજન હાથ ધરવા સરકારશ્રીએ નિર્ણય લીધેલ છે. ઉત્તરાયણ પર્વ નિમિતે દાહોદ જિલ્લામાં કરુણા અભિયાન અંતર્ગત જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ પક્ષીઓને બચાવવા માટે જુદા-જુદા પશુ સારવાર કેન્દ્રોની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તેમજ માહિતીની આપ-લે માટે જિલ્લા કક્ષાએ કંટ્રોલ રૂમ પણ શરુ કરવામાં આવેલ છે. કરુણા અભિયાન અંતર્ગત દરેક તાલુકાઓમાં સવારે ૮:૦૦ કલાક થી રાત્રીના ૮:૦૦ કલાક સુધી તમામ ઘાયલ પક્ષીઓને વિના મુલ્યે સારવાર આપવામાં આવશે. દાહોદ જિલ્લાની તમામ જનતાને જણાવવાનું કે, ઉતરાયણ પર્વ દરમ્યાન આપની આસપાસ જો ઘાયલ પશુ-પક્ષી જણાય તો નજીકના પશુ સારવાર કેન્દ્રો ખાતે પહોંચતા કરવા.

નોંધ-: પક્ષીઓ ઘાયલ થતા બચાવવા આટલું કરીએ :-

- વહેલી સવારે તેમજ મોડી સાંજે પતંગ ઉડાડવાનું ટાળીએ.
- અકસ્માતે પક્ષીઓ દોરામાં ફસાય તો દોરી ન ખેંચતા ઢીલ મુકવી.
- લાઉડ સ્પીકર કે ફટાકડાનો ઉપયોગ ન કરવો જેથી પક્ષીઓ ભડકવાનું પ્રમાણ ઓછું રહે.
- પતંગ ચગાવવા ચાઈનીઝ દોરી, પ્લાસ્ટિક દોરી અથવા વધારે કાચ પાયેલી દોરીનો ઉપયોગ કરવાનું ટાળીએ.
- ઘાયલ પશુ-પક્ષીને સમયસર નજીકના પશુ સારવાર કેન્દ્રો અથવા રેસ્ક્યુ સેન્ટર ખાતે પહોચાડીએ.
- સમગ્ર ઉત્તરાયણ પર્વ દરમ્યાન પશુપાલકો પોતાના પાલતુ પશુઓને બાજરી/ધૂઘરી/જુવાર વધુ પ્રમાણમાં ન ખવડાવે, જો વધારે પ્રમાણમાં પશુઓને ખવડાવવામાં આવે તો પશુઓને આફરો/ફૂડ પોઈઝનીગ થવાની સંભાવના વધી જાય જેથી પશુઓ મરણ પામે છે.

ઘાયલ પશુ-પક્ષીઓની સારવાર માટેના પશુ દવાખાના સહિત અધિકારીશ્રીઓના સંપર્ક નંબર

૧) ડૉ.વી.એ.પટેલ,
અનાજ માર્કેટ યાર્ડની અંદર, મંડાવાવ ચોકડી, દાહોદ
સંપર્ક નંબર - ૮૮૪૯૮૬૩૬૦૪

૨) ડૉ.યુ.આર.બારિઆ,
મડી ફળિયું, મામલતદાર ઓફીસ રોડ, ગરબાડા તા.ગરબાડા જિ.દાહોદ
સંપર્ક નંબર - ૯૯૦૯૮૮૦૪૯૭

૩) ડૉ.જે.આર. પંચાલ
અનાજ માર્કેટ યાર્ડની અંદર, ગામડી રોડ, ઝાલોદ તા. ઝાલોદ જિ.દાહોદ
સંપર્ક નંબર - ૯૪૨૯૧૪૬૮૯૪

૪) ડૉ.એન.જી. શેખ,
માંડલી રોડ, સંજેલી તા. સંજેલી જિ.દાહોદ
સંપર્ક નંબર - ૭૦૧૬૧૩૦૦૭૩

૫) ડૉ.એન.એમ.સંગાડા,
અનાજ માર્કેટ યાર્ડની સામે, ઝાલોદ રોડ, ફતેપુરા તા. ફતેપુરા જી.દાહોદ
સંપર્ક નંબર - ૮૭૩૩૯૭૫૯૨૧

૬) ડૉ.વાય.વી.નાયક,
નવી કોર્ટની સામે, ગોધરા રોડ, પાલ્લી, લીમખેડા તા. લીમખેડા જિ.દાહોદ
સંપર્ક નંબર - ૯૪૨૬૪૯૮૫૯૭

૭) ડૉ.કે.કે.પ્રજાપતિ,
આમ્રકુંજ આશ્રમશાળાની નજીક, ભમરેચી માતા મંદિર, રણધીકપુર તા. સિંગવડ જિ.દાહોદ
સંપર્ક નંબર - ૯૫૮૬૨૧૫૬૪૭

૮) ડૉ.સી.એસ. હઠીલા,
બસ સ્ટેશનની સામે,દે.બારિયા તા.દે.બારિયા જિ.દાહોદ
સંપર્ક નંબર - ૯૯૦૯૮૯૦૬૦૨

૯) ડૉ.જે.ડી. નિનામા,
ફોરેસ્ટ ઓફીસની સામે, ધાનપુર તા.ધાનપુર જિ.દાહોદ
સંપર્ક નંબર - ૭૮૭૪૪૨૬૭૯૭

